RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૮     મંગળવાર, તા.૦૨-૦૪-૨૦૨૪     અંક : ૮૩     વર્ષ : ૧૯     jamnagar@aaspassaindia.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

# વિવાદ શાંત પાડવા મુખ્યમંત્રી તથા પ્રદેશ પ્રમુખ મેદાને

## ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કિરીટસિંહ રાણા, બળવંતસિંહ રાજપૂત, જયરાજસિંહ રાણા વગેરે સાથે બેઠક કરી

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીમાં રાજકોટની બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિશે જ વિવાદાસ્પદ વિધાનોનો વિવાદ વધુને વધુ સ્ફોટક બની રહ્યો છે ત્યારે હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ મેદાને આવ્યા છે. દિલ્હીથી પરત ફરતા તેઓએ ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ભાજપના ક્ષત્રિય નેતાઓ ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કિરીટસિંહ રાણા, બળવંતસિંહ રાજપૂત, જયરાજસિંહ રાણા વગેરે સાથે બેઠક કરી હતી. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. રૂપાલા વિવાદને શાંત કેવી રીતે પાડી શકાય અને કેવા સંજોગોમાં સમાધાન શકય બને તે વિશે બેઠકમાં ચર્ચા થવાનું મનાય છે. દરમિયાનમાં રાજયભરમાં ક્ષત્રિય દ્વારા સંમેલન અને બેઠકોના આયોજન થયા છે. મુંખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સાથે ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથેની આ બેઠક તે આયોજન પર કેટલી અસર પાડશે તે સમય બતાવશે.

# આગામી સપ્તાહથી ગુજરાતમાં ૨ થી ૮ દિવસ હીટવેવ

## એપ્રિલથી જૂન વચ્ચે ૧૦ થી ૨૦ દિવસ તીવ્ર ગરમીની આગાહી

અમદાવાદ,

સાત તબક્કામાં યોજાનારી સામાન્ય ચૂંટણીઓ વચ્ચે હવામાન વિભાગે પણ તીવ્ર ગરમીની આગાહી વ્યક્ત કરી છે. ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું હતું કે એપ્રિલથી જૂન વચ્ચે ૧૦ થી ૨૦ દિવસની ગરમીની સંભાવના છે, જ્યારે આ ત્રણ મહિનામાં ગરમીના મોજાની સંખ્યા ૪ થી ૮ ની વચ્ચે રહે છે.

IMD એ સોમવારે ઉનાળાની આગાહીનો અહેવાલ જાહેર કર્યો. જેમાં વિભાગે જણાવ્યું હતું કે દેશના મધ્ય અને પશ્ચિમી રાજ્યોમાં એપ્રિલથી જૂન દરમિયાન મહત્તમ ગરમી પડવાની સંભાવના છે.

આ ગરમીના દિવસોની સંખ્યામાં વધારો કરી શકે છે. આ દરમિયાન પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે પ્રથમ તબક્કાના મતદાન બાદ ગરમીનું પ્રમાણ વધવા લાગશે.

હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ.એમ.મહાપાત્રાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીના જૂના આંકડા મુજબ સામાન્ય રીતે એપ્રિલમાં માત્ર ૧ થી ૩ દિવસ જ હીટવેવ રહેવાની શક્યતા છે.

# 100% EVM વોટ - VVPAT વેરિફિકેશન મામલે ચૂંટણી પંચને નોટિસ

## તમામ વોટર પેપર સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી

નવીદિલ્હી,

સંસદીય મતવિસ્તારના દરેક વિધાનસભા મતવિસ્તારમાં માત્ર ૫ રેન્ડમલી સિલેક્ટેડ ઈવીએમના વેરિફિકેશનને બદલે ચૂંટણીમાં તમામ વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ પેપર સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને સંદીપ મહેતાની ડિવિઝન બેન્ચે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા માંગ કરતી અન્ય અરજી સાથેનો આદેશ પસાર કર્યો હતો.

અરજીમાં ECની માર્ગદર્શિકાને પણ પડકારવામાં આવ્યો છે જે જણાવે છે કે VVPAT ચકાસણી ક્રમિક એટલે કે એક પછી એક રીતે કરવામાં આવશે, જેનાથી બિનજરૂરી વિલંબ થશે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે જો




વેરિફિકેશન એકસાથે કરવામાં આવે અને દરેક વિધાનસભા મતવિસ્તારમાં ગણતરી માટે વધુ સંખ્યામાં અધિકારીઓ તૈનાત કરવામાં આવે તો સંપૂર્ણ VVPAT વેરિફિકેશન ૫-૬ કલાકમાં થઈ શકે છે.

અરજદારે દલીલ કરી હતી કે જ્યારે સરકારે લગભગ ૨૪ લાખ VVPAT ની ખરીદી પર લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે, હાલમાં માત્ર ૨૦,૦૦૦ VVPAT સ્લિપની ચકાસણી કરવામાં આવે છે

VVPAT અને EVM ને લઈને નિષ્ણાતો દ્વારા ઘણા પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે અને હકીકત એ છે કે ભૂતકાળમાં EVM અને VVPAT મત ગણતરી વચ્ચે મોટી સંખ્યામાં વિસંગતતાઓ નોંધવામાં આવી છે તે જોતાં તે આવશ્યક છે કે તમામ VVPAT સ્લિપની ગણતરી કરવામાં આવે. આ યોગ્ય રીતે ચકાસવાની તક છે કે બેલેટ પેપરમાં તેના મતની ગણતરી પણ તેને મતપેટી પર શારીરિક રીતે તેની VVPAT સ્લિપ મૂકવાની મંજૂરી આપીને કરવામાં આવે છે.

# ભૂકંપથી ધણધણ્યું જાપાન

## રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૬.૧ની નોંધાઈ




ઓમોરી,

જાપાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૧ નોંધવામાં આવી હતી. આજે ઉત્તરી જાપાનના ઈવાતે અને ઓમોરી પ્રાંતમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અગાઉ, નવા વર્ષે પશ્ચિમ જાપાનમાં આવેલા ભૂંકપમાં ૫૦થી વધુ લોકોના મોત થયા હતા. ભૂકંપના જોખમને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ ચેતવણી જાહેર કરીને કેટલાક વિસ્તારોમાં લોકોને તેમના ઘરોથી દૂર રહેવા જણાવ્યું હતું. જાપાની મીડિયાના અહેવાલો અનુસાર, હાલમાં આ ભૂકંપના કારણે કોઈ નુકસાનની કોઈ માહિતી નથી. હવામાન વિભાગે સુનામીને લઈને કોઈ એલર્ટ જાહેર કર્યું નથી, જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જાપાનની હવામાન એજન્સીના જણાવ્યાનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઈવાતે પ્રાંતના ઉત્તરીય તટીયમાં હતું.

# બાબા રામદેવ દેશની માફી માગે: સુપ્રીમ કોર્ટ

## પતંજલિની ભ્રામક જાહેરાતો મુદ્દે સુપ્રીમ કોર્ટ ભડકી, કહ્યું- ‘સરકાર કેમ આંખ આડા કાન કરે છે’

નવીદિલ્હી,

બાબા રામદેવ પતંજલિ આયુર્વેદની 'ભ્રામક જાહેરાત' મામલે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. છેલ્લી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને પતંજલિના એમડી આચાર્ય બાલકૃષ્ણને નોટિસનો જવાબ દાખલ ન કરવા બદલ ઠપકો આપ્યો હતો અને તેમને ૨ એપ્રિલ એટલે કે આજે હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, કંપનીએ આ મામલે પોતાની ભૂલ માટે બિનશરતી કોર્ટમાં માફી માગી હતી અને કહ્યું હતું કે તેઓ ભ્રામક જાહેરાતો નહી બતાવે.

આ પહેલા ૨૭ ફેબ્રુઆરીએ થયેલી સુનાવણીમાં કોર્ટે પતંજલિ આયુર્વેદની ભ્રામક દવાઓની જાહેરાતો પર પ્રતિબંધ લગાવી દીધો હતો. આ સિવાય તિરસ્કારની કાર્યવાહીમાં કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી. કોર્ટે ગયા વર્ષે ભ્રામક જાહેરાતો ન આપવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ કંપનીએ તેની અવગણના કરી હતી.

# સીરિયામાં ઈરાની દૂતાવાસ પર થયો હુમલો: ૧૧ના મોત

## ઈઝરાયેલની મિસાઈલોએ ઈરાની દુતાવાસની ઈમારતને તબાહ કરી નાખી

સીરિયા

સીરિયાની રાજધાની દમિશ્કમાં ઈરાની દુતાવાસ પરિસરમાં બનેલી મહત્વની ઈમારતમાં ઈઝરાયેલે હવાઈ હુમલા કરતાં સૈન્ય સલાહકાર સહીત ૧૧ના મોત થયા છે.

અહેવાલો મુજબ આ હુમલામાં ઈરાનના સૈન્ય સલાહકાર જનરલ મુહમ્મદ અલ રેની જાહેદી સહીત ૧૧ લોકોના મોત થયા છે. આ સિવાય અનેક લોકો ઘાયલ થયા છે. બ્રિટન સ્થિત યુદ્ધ પર વોચ રાખતી સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર રાઈટસે કહ્યું હતું કે ઈરાન ગાર્ડનાં સભ્યો સહીત ૧૧ ના મોત થયા છે. ઈઝરાયેલની મિસાઈલોએ ઈરાની દુતાવાસની ઈમારતને તબાહ કરી નાખી છે.

આ હવાઈ હુમલા અંગે ઈઝરાયેલે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા નથી આપી. આ દરમ્યાન ઈરાની અધિકારીઓએ ઈઝરાયેલને અંજામ ભોગવવાની ચેતવણી આપી છે. હુમલામાં માર્યા ગયેલાઓમાં ૮ ઈરાની, ૨ સીરીયાઈ, અને ૧ લંબનાની લડાયકોનો સમાવેશ થાય છે.

# અલ જઝીરા હવે ઈઝરાયેલથી પ્રસારિત થશે નહીં : નેતન્યાહુ

## ઈઝરાયેલની વિધાનસભાએ નવો વિધેયક પસાર કર્યો

તેલઅવીવ,

ઈઝરાયેલની વિધાનસભાએ નવો વિધેયક પસાર કર્યો હતો, જેમાં કતાર સ્થિત અલ જઝીરા ન્યૂઝ નેટવર્કને બંધ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે કાયદા હેઠળ વિદેશી ન્યૂઝ નેટવર્ક્સ પર કામચલાઉ પ્રતિબંધને મંજૂર કરવામાં આવ્યો છે.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું હતું કે તેઓ અલ જઝીરા સામે કાયદો લાગુ કરવા માટે ત્વરિત પગલાં લેશે, કતાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ સમાચાર આઉટલેટ પર હમાસના ઈઝરાયેલ વિરુદ્ધ ઑક્ટોબર ૭ના હુમલાને સમર્થન આપવાનો અને યુએસ દ્વારા નિયુક્ત કરવામાં આવ્યો હોવાનો આરોપ મૂક્યો હતો. તેના પર આતંકવાદી સંગઠનના મુખપત્ર તરીકે કામ કરવાનો આરોપ મૂક્યો હતો. નેતન્યાહુએ તેના ઠ એકાઉન્ટ પર હિબ્રુમાં પોસ્ટ કર્યુ “આતંકવાદી ચેનલ અલ જઝીરા હવે ઈઝરાયેલથી પ્રસારિત થશે નહી. હું ચેનલની પ્રવૃત્તિને રોકવા માટે નવા કાયદા અનુસાર તાત્કાલિક પગલાં લેવા માગું છું,” ધ ટાઈમ્સ ઑફ ઈઝરાયેલ અહેવાલ આપ્યો છે કે, ઈઝરાયેલની સંસદમાં ૧૦ વિરુદ્ધ ૭૧ મતથી કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

# ચિત્રકૂટમાં ડમ્પરે ઓટોરિક્ષાને ટક્કર મારતા પાંચ લોકોના મોત

ચિત્રકુંટ,

ઉત્તર પ્રદેશના ચિત્રકૂટમાં એક ઝડપી ડમ્પરે ઓટો-રિક્ષાને જોરદાર ટક્કર મારી. આ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ છે. ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલો શહેર કોતવાલી વિસ્તારના કપસેઠી અમનપુર ગામના નેશનલ હાઈવે પર બન્યો હતો.ડમ્પર તેજ ગતિએ આવી રહ્યું હતું અને સામેથી આવી રહેલી ઓટોરિક્ષાને ટક્કર મારી હતી. જેના કારણે ઓટોનો આગળનો આખો ભાગ નાશ પામ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે ટક્કર બાદ ઓટોમાં બેઠેલા લોકો બહાર પડી ગયા હતા. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ રાહત કાર્ય શરૂ કર્યું હતું.

ઓટોરિક્ષા સાથે અથડાયા બાદ ડમ્પરનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. આ અકસ્માત કારવી કોતવાલી વિસ્તારના અમનપુરમાં થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે ઓટો ચિત્રકૂટ રેલવે સ્ટેશનથી રામઘાટ જઈ રહી હતી, જેમાં ૯ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

# વોટ્સએપએ એકસાથે ૭૬ લાખ એકાઉન્ટ પર મૂક્યો પ્રતિબંધ

## ૧૪,૨૪,૦૦૦ એકાઉન્ટ હંમેશા માટે બેન કરી દેવામાં આવ્યા

નવીદિલ્હી,

વોટ્સએપએવધુ એક મોટુ એક્શન લીધુ છે. જેના હેઠળ લગભગ ૭૬ લાખ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર ૧ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી સુધી લગભગ ૭૬,૨૮,૦૦૦ ઉરહ્લંજર્ઠ્ઠ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. તેમાંથી ૧૪,૨૪,૦૦૦ એકાઉન્ટને હંમેશા માટે બેન કરી દેવામાં આવ્યા છે.

વોટ્સએપએએ કહ્યું છે કે તેમની તરફથી આઈટી નિયમ ૨૦૨૧ના ઉલ્લંઘનના આરોપ ફેબ્રુઆરી મહિનામાં ૭૬ લાખ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપને ભારતમાં લગભગ ૫૦૦ મિલિયનથી વધારે યુઝર્સ છે. ફેબ્રુઆરીમાં દેશમાં રેકોર્ડ ૧૬,૬૧૮ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સાથે જ રેકોર્ડ સંખ્યામાં કાર્યવાહી કરવામાં આવી. તેના પહેલા જાન્યુઆરી મહિનામાં ૬૭,૨૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા હતા.

તમારૂ એકાઉન્ટ ભૂલથી બેન થઈ ગયું હોય તો તમે વોટ્સએપને ઈમેલ કરીને રિવ્યૂ રિક્વેસ્ટ કરી શકો છો.

# આગ્રા- લખનઉ એક્સપ્રેસ વે પર ઉતરશે ફાઈટર પ્લેન

## ૧૦ દિવસીય ‘ગગન શક્તિ-૨૦૨૪’ સૈન્ય કવાયત શરૂ

નવીદિલ્હી,

ભારતીય વાયુસેના એ ગઈ કાલે સોમવારથી ૧૦ દિવસીય ‘ગગન શક્તિ-૨૦૨૪’ સૈન્ય કવાયત શરૂ કરી છે. આ ડ્રિલ હેઠળ દેશના તમામ એરફોર્સ સ્ટેશનો પર યોજવામાં આવશે, આ વાયુ સેનાની સૌથી મોટી ડ્રિલ છે. એવામાં આજથી ઉત્તર પ્રદેશના આગરા- લખનઉ એક્સપ્રેસવે પર ફાઈટર પ્લેન લેન્ડીંગ અને ટેકઓફ કરતા જોવા મળશે, જે માટે આજે ૨ એપ્રિલ થી ૧૧ એપ્રિલ સુધી હાઈવે પર ટ્રાફિક બંધ રહેશે, આગામી ૧૦ દિવસો માટે ટ્રાફિક માટે ડાયવર્ઝન લાગુ કરવામાં આવ્યું છે.

અહેવાલો મુજબ એક્સપ્રેસ વેની એર સ્ટ્રીપ પર ત્રીજી વખત યોજાઈ રહેલા ફાઈટર પ્લેનના રિહર્સલ હેઠળ ૬ અને ૭ એપ્રિલે જેગુઆર, સુખોઈ, મિરાજ-૨૦૦૦ એરક્રાફ્ટ ઉતરશે. જેના કારણે ઉન્નાવના બાંગરમાઉની એરસ્ટ્રીપના સાડા ત્રણ કિમી વિસ્તારને ૨ થી ૧૧ એપ્રિલ સુધી બ્લોક રાખવામાં આવશે. સર્વિસ રોડ પરથી વાહનો પસાર થશે.

# મોદી આજે રાજસ્થાન અને ઉત્તરાખંડમાં

## ઉત્તરાખંડમાં લોકસભાની પાંચ બેઠકો માટે પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે ચૂંટણી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૨ એપ્રિલે રાજસ્થાન અને ઉત્તરાખંડમાં ચૂંટણી પ્રચાર કરશે. મોદી ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર જિલ્લાના રૂદ્રપુર અને રાજસ્થાનના જયપુર ગ્રામીણમાં કોટપુતલીમાં જનસભાને સંબોધિત કરશે. આ દરમિયાન તેઓ ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં રેલી પણ કરશે. રેલીની સલામતી સુનિશ્ચિત કરવા માટે પોલીસ પ્રશાસન દ્વારા કડક સુરક્ષાના પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે.

લોકસભા ચૂંટણીને કારણે, ૅર મોદી આજે ઉત્તરાખંડની મુલાકાતે છે. ઉત્તરાખંડમાં લોકસભાની પાંચ બેઠકો માટે પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે ચૂંટણી યોજાવાની છે. આ દિવસે તેઓ નૈનીતાલ-ઉધમ સિંહ નગર સંસદીય બેઠક હેઠળના રૂદ્રપુરમાં પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. હાલમાં ઉત્તરાખંડની પાંચેય બેઠકો ૨૦૧૪થી ભાજપ પાસે છે અને રાજ્યમાં પણ ભાજપ સત્તામાં છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, ભાજપના ઉમેદવારો અને રાજ્યના અધિકારીઓ હાજર રહેશે. પીએમ મોદી ઉત્તરાખંડમાં પોતાનો કાર્યક્રમ પૂરો કરીને રાજસ્થાન જવા રવાના થશે.

પીએમની બેઠક જયપુર ગ્રામીણના કોટપુતલીમાં બપોરે યોજાશે.

# લાલ સમુદ્રમાં થતાં હુમલાએ ગુજરાતના ઉત્પાદકોને હવાઈ માર્ગ પસંદ કરવાની ફરજ પાડી

### સુએઝ કેનાલ એશિયા અને યુરોપ વચ્ચેનો સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ છે

અમદાવાદ,

છેલ્લા કેટલાક મહિનાઓમાં, વૈશ્વિક વેપાર ગંભીર રીતે પ્રભાવિત થયો છે, જેનું મુખ્ય કારણ લાલ સમુદ્રમાં યેમેની બળવાખોરો દ્વારા કરવામાં આવતો હુમલો છે. ઈઝરાયેલ હમાસ યુદ્ધમાં હમાસને સમર્થન આપવા યેમેની બળવાખોરોએ લાલ સમુદ્રના રૂટને નિશાન બનાવ્યો છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમુજબ, લાલ સમુદ્રના પ્રદેશમાં જહાજો પરના હુમલાને કારણે સુએઝ કેનાલ દ્વારા ટ્રાફિકમાં ઘટાડો થયો છે, સુએઝ કેનાલ એશિયા અને યુરોપ



વચ્ચેનો સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ છે અને તેથી, વિક્ષેપને કારણે ભારતમાંથી થતી નિકાસ પર ગંભીર અસર પડી છે, ખાસ કરીને ગુજરાતના ઉત્પાદકોને અસર કરી છે. રેડ સી કટોકટીના કારણે વિલંબિત શિપમેન્ટની ચિંતાઓ વચ્ચે, નિકાસકારોને ઊંચા ખર્ચ છતાં એર કાર્ગો તરફ વળવાની ફરજ પડી હતી. ખાદ્ય ઉત્પાદનો, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ અને એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ પર કટોકટીની વધુ અસર પડી હતી.

રમઝાન અને ઈસ્ટર સીઝન દરમિયાન ખરીદદારોની માંગને સંતોષવી એ નિકાસકારો માટે એક પડકાર બની ગયું છે, જે ઊંચા ટર્નઅરાઉન્ડ સમય વચ્ચે છે. ફાર્માસ્યુટિકલ્સ જેવા નાશવંત માલના ઉત્પાદકોએ શિપમેન્ટને એર કાર્ગો તરફ વાળ્યું છે. દેશના ફાર્મા ઉદ્યોગની લગભગ ૫૦% આવક યુએસ અને યુરોપમાં થતી નિકાસમાંથી આવે છે. ભારતીય ફાર્મા નિકાસનો લગભગ બે તૃતિયાંશ ભાગ દરિયાઈ માર્ગે થતો હોવાથી, અહીંની ફાર્મા કંપનીઓ માટે ખર્ચ એ મુખ્ય ચિંતાનો વિષય છે. મધ્ય પૂર્વ અને યુરોપમાં તહેવારોની મોસમને કારણે માંગમાં રહેલા ટેક્સટાઈલ, ઓટો પાર્ટ્સ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા નોન-પેરીશેબલ કાર્ગો પણ હવાઈ માર્ગ અપનાવી રહ્યા છે.

# ક્રિપ્ટોકરન્સી કેસ મામલે ED દ્વારા ૪૩૩ કરોડની સંપત્તિ સીલ

### એફઆઈઆરના આધારે પીએમએલએની જોગવાઈઓ હેઠળ તપાસ

અમદાવાદ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અમદાવાદના અધિકારીઓએ ક્રિપ્ટોકરન્સી, સોનું અને રોકડના રૂપમાં રૂ. ૪૩૩ કરોડની જંગમ મિલકતો ટાંચમાં લીધી છે જે ક્રિપ્ટોકરન્સી કૌભાંડની આવકમાંથી વસાવેલ હોય તેવો ખુલાસો થયો છે, જેમાં દિવ્યેશ દરજી અને અન્યો લોકો સામેલ છે જે મની લોન્ડરિંગ વિરોધી જોગવાઈઓ હેઠળ જોડાયેલ છે.

ઈડી દ્વારા કહેવામાં આવ્યું હતું કે, 'ઈડીએ દિવ્યેશ દરજી, સતીશ કુંભાણી, શૈલેષ ભટ્ટ અને અન્ય આરોપીઓ સામે સીઆઈડી ક્રાઈમ પોલીસ સ્ટેશન, સુરત દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે પીએમએલએની જોગવાઈઓ હેઠળ તપાસ શરૂ કરી હતી. PMLA હેઠળ તપાસ દરમિયાન, તે બહાર આવ્યું હતું કે આ મિલકત સંબંધિત વ્યક્તિઓ દ્વારા તેમની કાયદેસરની આવકમાંથી હસ્તગત કરવામાં આવી ન હતી અને PMLA હેઠળ સુનિશ્ચિત ગુનાઓના પરિણામે હસ્તગત/પ્રાપ્ત કરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૧૮ સુધી, ક્રિપ્ટોકરન્સી બિટકોઈન કોઈનના પ્રમોટર કુંભાણીએ પ્રમોટરોનું વિશ્વવ્યાપી નેટવર્ક સ્થાપ્યું અને વિશાળ વળતરની ઓફર કરીને લોકોને વિવિધ રોકાણ યોજનાઓમાં રોકાણ કરવા આકર્ષ્યા હતા.

# બૂથ લેવલ ઓફિસરની કામગીરી નકારનાર શિક્ષિકાને ઘરેથી ઉપાડી આવી પોલીસ

### આખા ગુજરાતમાં આ પહેલો કેસ, કોર્ટ જવાની જરૂર પડે તો પણ અમે જઈશું : શિક્ષિકાના પતિ

અમદાવાદ,

લોકસભા ચૂંટણી જાહેર થઈ ચૂકી છે અને સમગ્ર દેશમાં ચૂંટણી લક્ષી કામગીરી પણ શરૂ થઈ ચૂકી છે. આ વચ્ચે અમદાવાદમાં ચૂંટણીની કામગીરીમાં ન જોડાયેલા શિક્ષિકા સામે કાર્યવાહી થઈ છે. બૂથ લેવલ ઓફિસર-BLOના કામમાં ન જોડાતા ચેનપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા હિનલ પ્રજાપતિની પોલીસે અટકાયત કરી છે. મામલતદારના હુકમ બાદ પોલીસે કાર્યવાહી કરી છે. શિક્ષિકાને કે.કે.નગર ઘાટલોડિયા પાસે BLOની કામગીરી સોંપવામાં આવી હતી. જોકે તે જગ્યા પોતાના વિસ્તારની બહાર હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો.

બીજી તરફ શિક્ષિકાના પતિનું કહેવું છે કે, મહિલાને BLOની કામગીરી સોંપાઈ હતી. ગુજરાત ચૂંટણી પંચનો પત્ર છે કે કોઈ મહિલાને અનિવાર્ય સંજોગોમાં જ BLOની કામગીરી સોંપવી. મહિલાને ગમે ત્યાં કામગીરી ન સોંપવી. જ્યાં તેમનો મત વિસ્તાર છે ત્યાં જ મુકવી. તેથી અમે ચૂંટણી પંચના પત્રને જોડીને રજૂઆત કરી હતી કે અમને આ કામગીરી ન આપો. અને જો કામગીરી આપો તો અમારા મત વિસ્તારમાં જ આપો. તેમ છતા તેમણે દૂરના સ્થળે કામગીરી આપી છે. જેને લઈને અમે આ કામગીરીનો અસ્વીકાર કર્યો છે. આખા ગુજરાતમાં આ પહેલો કેસ છે, જ્યારે મહિલા શિક્ષિકાની ધરપકડ કરાઈ છે. અમે લેખિતમાં આધાર પૂરાવા સાથે રજૂઆત કરી છે. આ બાબતને અમે સંઘમાં રજૂઆત કરીશું અને જો કોર્ટ જવાની જરૂર પડે તો પણ અમે જઈશું.

# અમદાવાદમાં ૧૦૦ સ્થળોએ લગાવાશે ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ

### ટ્રાફિક સિગ્નલ પર વધારે ઊભું નહીં રહેવું પડે

અમદાવાદ,

અમદાવાદીઓને ખુશી મળે તેવા સમાચાર સામે આવ્યા છે. વાત એવી છે કે, ટ્રાફિક સિગ્નલ પર થતો તમારો ટાઈમ વેસ્ટ હવે ઓછો થશે. કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક એવી સિસ્ટમ લાવી રહ્યું છે કે જેનાથી લોકોનો સમય અને સાથે જ પેટ્રોલ પણ બચશે. કોર્પોરેશન ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લાવી રહ્યું છે. જે સિસ્ટમની મદદથી લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય



ઉભા રહેવામાંથી મુક્તિ મળશે.

અમદાવાદ શહેરમાં અંદાજે ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર આ સિસ્ટમ લગાવાશે. જેની મદદથી લોકોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. આ સિસ્ટમ કોર્પોરેશન આગામી સમયમાં લાવવા જઈ રહ્યું છે. જેના કારણે લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવુ નહી પડે. એટલે કે જો ચાર રસ્તા પર એક સિગ્નલ ખુલે જેનો દોઢ મિનિટ સમય હોય અને ત્યાથી ૬૦ સેકન્ડમાં ટ્રાફિક હળવો થઈ જાય, તો તરત ઓટોમેટિક સિગ્નલ બંધ થઈ જશે અને અન્ય સિગ્નલ ખુલી જશે. જેથી સામેના સિગ્નલના ચાલકોને જલ્દી નીકળવા મળશે. એટલે કે વાહન ચાલકોનો સમય બચશે. પેટ્રોલ પણ બચશે અને ગરમી વચ્ચે કે કોઈ પણ સમયે વધુ સમય વાહનચાલકોએ ઉભા રહેવુ નહી પડે. અમદાવાદ શહેરનો વિસ્તાર અને વસ્તી બને સતત વધી રહ્યા છે. જેના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા પણ દિવસેને દિવસે જટિલ બનતી જઈ રહી છે.

# શરૂ થયું NOTAમાં મતદાનનું અભિયાન : નેતાઓ પરેશાન

અમદાવાદ,

રાજ્યમાં હજી ઘણા રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તાર છે જ્યાં સુવિધાઓનો અભાવ છે. આવા વિસ્તારમાં ચૂંટાયેલા લોક પ્રતિનિધિને અનેકવાર રજૂઆત કરવામાં આવે છે, પણ ચૂંટાયેલા નેતાઓ ચૂંટણી સિવાય પાંચ વર્ષ દેખાતા નથી.

જે નેતા પાસે આશા હોય એ જ નેતા પ્રજાના કામો ન કરે અને અન્ય નેતાને પણ ચૂંટણીમાં મત ન આપવો હોય, તો આ માટે ચૂંટણી પંચે મતદારો માટે NOTAનો વિકલ્પ આપ્યો છે. NOTA એટલે ઉપરમાંથી કોઈ ઉમેદવારને મત નથી આપવો તે. ચૂંટણીમાં NOTA મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે NOTAમાં મત વધુ પડે ત્યારે લીડીંગ ઉમેદવાર સહિત અન્ય ઉમેદવારના પણ મત કપાય છે.

ચૂંટણી સમયે વિકાસથી વંચિત વિસ્તારમાં જ્યારે NOTAમાં મતદાન કરવાનું અભિયાન ચાલે છે. આવું જ બન્યું છે સુરેન્દ્રનગરના થાનમાં. સુરેન્દ્રનગરના થાનમાં સ્થાનિક લોકો અને ઉદ્યોગકારો રોડ રસ્તા અને પ્રાથમિક સુવિધાથી વંચિત છે જેને લઈને ઉદ્યોગકારોમાં રોષ ફેલાયો છે. થાનમાં ૬ વર્ષથી ચાલી રહેલું ઓવરબ્રિજનું કામ પૂર્ણ ન થતા સીરામીક ઉદ્યોગકારો દ્વારા લોકસભાની ચૂંટણીમાં નોટામાં મતદાન કરવા નિર્ણય લેવાયો છે.

# પ્રેમિકાની બહેનપણીના ઘરે મળવા આવેલા પ્રેમીનું મોત

### ૩ વ્યક્તિએ ભેગા થઈને માર્યો હતો ઢોર માર

સુરત

સુરતમાં વરાછા વિસ્તારમાં આવેલી માધવ પાર્ક સોસાયટીમાં રહેતી પ્રેમિકા તેની બહેનપણીની ઘરે ગઈ હતી. જ્યાં તેણીએ પોતાના પ્રેમીને મળવા માટે બોલાવ્યો હતો. પ્રેમી યુવક પ્રેમિકાને મળવા આવ્યો હોવાની જાણ થતાં જ તેના ભાઈ અને મામા અને તેના દીકરા એમ ૩ જણાએ મળીને યુવકને ઝડપી લઈને ઢોર માર માર્યો હતો. જેથી યુવકનું સારવાર દરમિયાન મોત થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રેમિકાના ભાઈ, મામાનો છોકરો અને મામાએ ગંભીર રીતે પ્રેમીને માર્યો હતો. પ્રેમીને ઢોરમાર મારતા તે ગંભીર ઈજાના કારણે બેભાન થઈ ગયો હતો જેથી પ્રેમીને હોસ્પિટલમાં ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યો હતો. યુવકને ઢોર માર માર્યા બાદ આરોપીઓ નાસી ગયા હતાં. ત્યારબાદ યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડતાં ત્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# ધોરણ ૯ની વિદ્યાર્થિનીએ ઘરમાં ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

સુરત

સુરતમા ધોરણ ૯ની ભટારની વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીએ ક્યાં કારણે પગલું ભર્યું તે મામલે રહસ્ય સર્જાયું છે.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, મૂળ બિહાર ગોપાલગંજના વતની અને હાલ ભટાર પોલીસ ચોકીની પાછળ રહેતા ચૈનકુમાર મહંતો ધાગા કટિંગનું કામ કરી પોતાના પરીવાર નું ગુજરાન ચલાવે છે.પરિવાર માં પત્ની બે પુત્ર તેમજ એક પુત્રી મિરલ છે.

આપઘાત કરનાર મિરલ સ્થાનિક વિસ્તારમાં આવેલ હિન્દી શાળામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી હતી. તેમને ૪ એપ્રિલે વાર્ષિક પરીક્ષા હતી. રવિવારના રોજ બપોરે ચૈનકુમાર પત્ની અને બે પુત્ર કામ પર ગયા હતા. દરમિયાન મિરલ ઘરે એકલી હતી. તે વખતે બપોરના સમયે મિરલે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ સબંધીને થતા પરિવારને જાણ કરવામાં આવતા ઘરે દોડી આવ્યા હતા. મિરલે ક્યાં કારણે પગલું ભર્યું તે જાણવા ખટોદરા પોલીસે વધુ આગળની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં બદામના વેપારી સાથે સાત કરોડની છેતરપિંડી



અમદાવાદ,

કહેવાય છે કે બુદ્ધિ વધારવા માટે બદામ ખાવી જોઈએ, પરંતુ અમદાવાદમાં તો બદામના વેપારી સાથે જ લગભગ સાત કરોડની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શનિવારના રોજ એક ઠળિયા વગરની બદામના જથ્થાબંધ વેપારીએ માધવપુરા પોલીસમાં ત્રણ વ્યક્તિઓ પર છેતરપિંડી અને રૂ. ૬.૬૮ કરોડની રકમની ચૂકવણી ન કરવાનો આરોપ મૂક્યો છે. ડફનાળાના એલિટ એપાર્ટમેન્ટ્સમાં રહેતા ૪૫ વર્ષીય મનીષ જૈન, જેઓ ૨૦૦૦ થી માધવપુરા માર્કેટમાંથી પોતાનો વ્યવસાય ચલાવે છે, તેમણે તેની એફઆઈઆરમાં જણાવ્યું છે કે તે બે આરોપીઓ – ચિત્રાંગ શાહ અને તેની પત્ની કૃપાલીને એક દાયકાથી કરતાં વધુસમયથી સોપારી સપ્લાય કરતો હતો.

પાલડીમાં શેત્રુંજય સોસાયટીના રહેવાસીઓએ શરૂઆતમાં જૈનને સમયસર ચૂકવણી કરી અને તેમનો વિશ્વાસ કેળવ્યો. બંનેએ ટૂંક સમયમાં ખરીદેલી સામગ્રી માટે ચૂકવણી કરવાનું બંધ કરી દીધું, એમ તેમણે આક્ષેપ કર્યો હતો.

# થાઈલેન્ડ અને મલેશિયાને સીધી એર કનેક્ટિવિટી તો મસ્કતનો શું વાંક?

અમદાવાદ

ગુજરાતીઓ લગભગ દુનિયાના દરેક ખૂણામાં વસે છે અને તેથી ઈન્ટરનેશનલ એર કનેક્ટિવિટીની વધુ જરૂર પડે છે. અમદાવાદથી થાઈલેન્ડ અને મલેશિયાની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ છે ત્યારે લાંબા સમયથી આ માગણી કરતા મસ્કતવાસીઓએ ફરી પોકાર કરી છે.

મસ્કતમાં લગભગ ૫૦,૦૦૦ કરતા વધારે ગુજરાતીઓ વસે છે, જેમાં કચ્છી માડુઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે. અમદાવાદથી મસ્કત અને મસ્કતથી અમદાવાદ જવાની સીધી ફ્લાઈટ ન હોવાથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. કોરોના પહેલા અઠવાડિયાની ૧૭ ફ્લાઈટ અમદાવાદથી મસ્કત જતી હતી, પરંતુ ત્યારબાદ બંધ થી તો ફરી શરૂ થતી નથી. મસ્કત ગુજરાતની સમાજના કન્વીનર ડૉ. ચંદ્રકાન્ત છોટાણીએ કેન્દ્ર અને રાજ્ય સ્તરે વારંવાર રજૂઆત કરી છે, પરંતુ હજુ માગણી પૂરી કરાઈ નથી.

# ડાકોર મંદિરની મંગળા આરતીમાં છુટ્ટા હાથની મારામારી : ભગવાનની હાજરીમાં ભક્તો બાખડ્યા

### મંદિરના ઘુમ્મટમાં જ ભક્તો બાખડતા મામલો પોલીસ મથક સુધી લંબાયો

ડાકોર,

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડજી મંદિરમાં શરમજનક ઘટના બની હતી. સોમવારે વહેલી સવારની મંગળી આરતીમાં જ શ્રદ્ધાળુ ભક્તો બાખડી પડ્યા હતા. વહેલી સવારે મંગળા આરતી દર્શન સમયે ભક્તો દ્વારા મંદિરના ઘુમ્મટમાં જ ભક્તોએ મારામારી કરી હતી. દર્શન કરવાની જગ્યા બાબતમાં રોષે ભરાયેલા ભક્તો એકબીજા પર તૂટી પડ્યા હતા. ત્યારે મારામારીના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. ખેડા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરમાં આજે વહેલી સવારે મંગળાઆરતી સમયે છુટાહાથની મારામારી થઈ હતી. મંદિરના ઘુમ્મટમાં જ ભક્તો બાખડતા મામલો પોલીસ મથક સુધી લંબાયો છે.

ડાકોર મંદિરમાં આજે સવારે મંગળા આરતી સમયે મંદિરમાં



# અજાણ્યા શખ્સની તરસ બુજાવવી વૃદ્ધાને ભારે પડી

### વૃદ્ધાએ પાણી આપ્યું અને તકનો લાભ લેતા તેઓ સોનાની બે બંગડીઓ ચોરી ગયા

ભરૂચ

કાળજાળ ગરમીમાં પાણી પૂરું પાડી તરસ છીપાવી માનવતાનું ઉદાહરણ છે પરંતુ પાણી આપવું અને તેની તરસ બુજાવી તે એક વૃદ્ધાને ભારે પડી છે. પરસેવે રેપ જેપ આવેલા ગઠીયાઓએ પાણી માંગતા વૃદ્ધાએ પાણી આપ્યું અને તકનો લાભ લેતા તેઓ સોનાની બે બંગડીઓ ચોરી ગયા. હવે આ મામલો પોલીસ મથકે પહોંચી ગયો છે.

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલ વેજલપુરના ઘાંચીવાડમાં રોડ ટચ મકાન ધરાવતા અનસુયાબેન વખાડીયા પોતાના ઘરે હતા તે દરમિયાન બાઈક પર બે અજાણ્યા વ્યક્તિઓ પરસેવે રેપજેપ થઈ તેમના ઘર પાસે આવ્યા હતા. વૃદ્ધાને જોઈ ગઠીયાએ પાણી માગ્યું હતું. વૃદ્ધાએ પોતાની માનવતા દાખવી ગઠીયાઓને પાણી પીવડાવ્યું હતું. ગઠીયાએ પાવડર માંગ્યો અને પાવડર આપતા જ વૃદ્ધાને હોશ ના રહ્યો. ગઠીયાઓ ભાગી ગયા બાદ વૃદ્ધાના હાથમાં સોનાની બંગડી ન હોવાના કારણે તપાસ કરતા અને હોશમાં આવતા ગઠીયાઓ બંગડીઓ સેરવી ગયા હોય જેના કારણે પરિવાર ચિંતાતુર બન્યો હતો.

# સુરેન્દ્રનગર જિલ્લામાં પાંચ અકસ્માતમાં પૂર્વ કોર્પોરેટર સહિત સાતના મોત

### સાયલા-ચોટીલા હાઇવે પર ૪ અકસ્માતમાં ૬ લોકોના મોત

સુરેન્દ્રનગર

અકસ્માતોની હારમાળા અને લોકોના મોતથી સુરેન્દ્રનગર રક્તરંજિત બન્યું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ૨ દિવસમાં જુદા જુદા ૫ અકસ્માતો થયા છે, જેમાં એક પૂર્વ કોર્પોરેટર સહિત ૭ લોકોના મોત થયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના હાઇવે પર ઓવરલોડ ડમ્પર ચાલકોનો ત્રાસ વધ્યો છે. આજે ૧ એપ્રિલે વઢવાણ – કોઠારિયા રોડ પર ઓવરલોડ ડમ્પરે પૂર્વ કોર્પોરેટર ઇસ્માઇલ વડદરિયાને અડફેટે લીધા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા હિટ એન્ડ રનની આ ઘટનામાં તેમનું મોત થયું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા-ચોટીલા હાઈવે પર ૧૫ કિમીના વિસ્તારમાં ૨૪ કલાકમાં જુદા જુદા ચાર અકસ્માતો થવા પામ્યા જેમાં ૬ લોકોના મોત થયા અને ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ૧ એપ્રિલે વહેલી સવારે સાયલા તાલુકાના મોટાસખ પરના રહેવાસી ૫૦ વર્ષીય જીતુબેન ખેંગારભાઈ રાણીગા હડાળા બોર્ડ પાસે રોડ ક્રોસ કરી રહ્યાં હતા ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતાં તેમનું કરૂણ મોત થયું છે. ૩૧ માર્ચની સાંજે ધોળકાથી ચોટીલા ચાલીને જઈ રહેલ બે પદયાત્રીને અજાણ્યા વાહને અડફેટે લેતા એકનું મોત થયું હતું અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો. મૃતક મયુરભાઈ નરસશીભાઈ પ્રજાપતિ ધોળકા તાલુકાના લીલાપુર ગામના રહેવાસી ઉંમર ૩૮ વર્ષ ચોટીલા ચાલીને જઈ રહ્યા હતા ત્યારે સાયલા તાલુકાના નવા સુદામડા ગામ પાસે અજાણ્યા વાહને ટક્કર મારી હતી. તેમની સાથે રહેલા મોરબીના જયરાજસિંહ રણજીતસિંહ વાઘેલાને ઈજા થતા સાયલાથી સુરેન્દ્રનગર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

# પાંચ લાખમાં એક કિલો સોનું! બે ઠગની ધરપકડ

### બે વ્યક્તિઓને નકલી સોનુ પધરાવ્યાની કબૂલાત કરી

અમદાવાદ

સોનાનો ભાવ ૭૦ હજારની સપાટી વટાવી ચુક્યો છે. ત્યારે વલસાડમાં સસ્તુ સોનુ પધરાવવા જઈ રહેલા ૨ ઠગને જીઆરપીએ ઝડપી પાડ્યા છે. મૂળ રાજસ્થાનના ઝાલોરના ૨ શખ્સો પાસેથી રૂપિયા ૧ લાખની રોકડ સાથે સોનાના મણકા અને નકલી સોનુ કબજે લઈ પૂછપરછ હાથ ધરી છે.

અમદાવાદ- મુંબઈ નેશનલ હાઈવે પર પારડી નજીક ૨ શંકાસ્પદ શખ્સોને જીઆરપીએ પકડી તલાસી લેતા સોનાના ૨૯ મણકા, સોના જેવી પીળી ધાતુની માળા, ચાંદીના જૂના રાણી છાપ સિક્કા અને ૧ લાખ રોકડ મળી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બંને શખ્સોએ બે વ્યક્તિઓને નકલી સોનુ પધરાવ્યાની કબૂલાત કરી હતી. વાપીના એક વ્યક્તિને રૂપિયા ૫ લાખમાં ૧ કિલો નકલી સોનાની માળા તેમજ ભીલાડમાં એક વ્યક્તિને ૫૦ હજારમાં નકલી સોનુ પધરાવ્યુ હતુ.

રાજસ્થાનના ઝાલોરના વતની જીતેન્દ્ર લાલારામ વાઘેલા અને અર્જુન ભીમાજી સોલંકી નામના બંને શખ્સો ફૂલ વેચવાના બહાને બજારમાં ફરીને ભોળવાઈ જાય તેવા વ્યક્તિઓને ફસાવતા હતા.

# જામનગરમાં ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં મતદાન જાગૃતિલક્ષી સ્લોગન સ્પર્ધાનું કરાયું આયોજન



જામનગર : સમગ્ર જામનગર જિલ્લામાં આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ ને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેકવિધ પ્રકારે મતદાન જનજાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જામનગર શહેરમાં સ્થિત ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે મતદાન જાગૃતિ થીમ આધારિત સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉક્ત સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પર સેકન્ડ યર બી.એસ.સી.ની વિદ્યાર્થીની ત્રિવેદી ઉર્વશી, દ્વિતીય ક્રમાંક પર ફર્સ્ટ યર બી.એ.ની વિદ્યાર્થીની પરમાર પ્રીતિ અને તૃતીય ક્રમાંક પર ફર્સ્ટ યર બી.એસ.સી.ના વિદ્યાર્થી નકુમ સંતોષે સ્થાન મેળવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે આર્ટ્સ સ્ટ્રીમના પ્રાધ્યાપક એસ. એન. માંકડ, પ્રાધ્યાપક બી. એસ. ઠાકર, પ્રાધ્યાપક કે. એ. નળિયાપરા, સાયન્સ સ્ટ્રીમના પ્રાધ્યાપક વી. સી. શીખલીયા અને એફ. એચ. માંકડે સેવા આપી હતી તેમ ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના આચાર્ય, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર નજીક લાખાબાવળ પાસે વંદે ભારત ટ્રેન ભેંસ સાથે અથડાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક લાખાબાવળ પાસે અમદાવાદ—ઓખા વચ્ચે ચાલતી વંદે ભારત ટ્રેન એક ભેંસ સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જો કે, કોઈ મોટું નુકશાન થવા પામ્યું ન હતું. અને થોડા સમય બાદ ફરીથી ટ્રેન શરૂ થઈ ગઈ હતી.

અમદાવાદ—ઓખા વચ્ચે ચાલતી વંદે ભારત ટ્રેનને જામનગર નજીક અકસ્માત નડયો હતો પરંતુ કોઈ મોટું નુકશાન ન થતા થોડીવાર ટ્રેન ઉભા રહ્યા બાદ ફરીથી રવાના કરવામાં આવી હતી. આ અકસ્માતમાં ટ્રેનમાં માઈનોર ડેમેજ થતા રિપેર કરાવવામાં આવ્યુ હતું. ગત તા.૧૨મી માર્ચથી અમદાવાદ—જામનગર ચાલતી ટ્રેન નંબર ૦૯૪૨૬ને ઓખા સુધી લંબાવવામાં આવી હતી. રેલવેની સુપરફાસ્ટ ટ્રેન વંદે ભારત ગઈ કાલે અમદાવાદથી વચ્ચે ઓખા તરફ જતી હતી ત્યારે જામનગર પાસે આવેલા લાખાબાવળ નજીક ભેંસ આડે ઉપર અકસ્માત સર્જાયો હતો. જેના કારણે ઉભી ટ્રેનને રાખવામાં આવી હતી. અને નજીકનો રેલવે સ્ટાફ તુરંત દોડી આવ્યો હતો. ટ્રેનની તપાસ કરતા તેમાં કોઈ મોટી નુકશાની ન જણાતા વંદે ભારત ટ્રેનને ૬ મિનિટ બાદ તુરંત રવાના કરવામાં આવી હતી. ટ્રેનના આગળનો બા કામા આવેલા ડેમેજને ઓખામાં રિપેર કરવાની જરૂર પડી હતી. પરંતુ મોટી દુર્ઘટના ટળતા ટ્રેનના મુસાફરો અને રેલવે સ્ટાફે રાહતનો શ્વાસ લીધો હતો.

# લોહાણા મહાપરિષદ દ્વારા જૂનાગઢ બેઠક પરના ભાજપના ઉમેદવાર બદલવા માંગણી

દ્વારકા/જામનગર : આગામી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ લોકસભા બેઠક પર રાજેશ ચુડાસમાને ઉમેદવાર જાહેર કર્યા છે. તેની સામે લોહાણા મહાપરિષદે વિરોધ દર્શાવી ઉમેદવાર બદલાવવા માંગણી કરી છે.

રઘુવંશી સમાજની વૈશ્વિક સંસ્થા લોહાણા મહા પરિષદના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી સતિષભાઈ વિઠ્ઠલાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને વિસ્તૃત પત્ર લખીને રઘુવંશી સમાજની લાગણી અને માંગણી રજૂ કરી છે. લોહાણા મહાપરિષદના પ્રમુખના પત્રમાં જણાવ્યા પ્રમાણે છેલ્લા દસ વર્ષમાં આપના માર્ગદર્શન અને પ્રોત્સાહન સાથે આપણા ભારત દેશનો વિશ્વમાં ડંકો વાગ્યો છે, અને ભારતની પ્રજાને પણ આપના નેતૃત્વ હેઠળની સરકારની કામગીરીથી ખૂબ જ સંતોષ થયો છે.

અમારો રઘુવંશી સમાજ હંમેશાં ભારતીય જનતા પાર્ટી અને આપની સાથે ખભેખભા મિલાવીને ઊભો રહ્યો છે. અત્યારના સમયમાં એક બાબત પ્રત્યે આપનું ધ્યાન દોરીને સમસ્ત રઘુવંશી લોહાણા સમાજની દુભાયેલી લાગણી વ્યક્ત કરવાની મારી ફરજ સમજીને આપને આ લખી રહ્યો છું.

ફેબ્રુઆરી ૨૦૨૩ માં રઘુવંશી લોહાણા સમાજના સેવાભાવી વેરાવળના ડો. અતુલભાઈ ચગનું અપમૃત્યુ થયું હતું. તેમની સુસાઈડ નોટમાં રાજેશ ચુડાસમા પર આરોપ લગાવવામાં આવ્યો છે અને કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, તેમને જૂનાગઢ બેઠક પર લોકસભાની ટિકિટ ભારતીય જનતા પાર્ટી દ્વારા આપવામાં આવેલી છે. આ વ્યક્તિની ઉમેદવારીના કારણે બધા જ સમાજના અને ખાસ કરીને રઘુવંશી લોહાણા સમાજના લોકોને ખૂબ ઊંડો આઘાત લાગ્યો છે. જૂનાગઢના આ ઉમેદવારની પસંદગી બાબતે પૂરતી તપાસ કરાવીને સંતોની ભૂમિ જૂનાગઢ બેઠક ઉપર અન્ય કોઈ લાયક અને સેવાભાવી ઉમેદવારને ટિકિટ આપશો તો સમસ્ત સમાજને સંતોષ થશે.

# જામનગર અને રાજકોટમાં ત્રણ વાહનોની ચોરી કરનાર તસ્કરની કરાઈ અટકાયત



જામનગર : જામનગર તેમજ રાજકોટમાંથી બે એક્ટીવા સ્કૂટર અને એક મોટરસાયકલની ચોરી કરનાર તસ્કરને પંચકોષી બી. ડિવિઝન પોલીસે મોખાણા ગામમાંથી ઝડપી લીધો છે, અને ચોરાઉ વાહનો કબજે કર્યા છે. તેણે અગાઉ એક ડઝનથી વધુ વાહનોની ચોરી કરી હોવાનું પણ ધ્યાનમાં આવ્યું છે.

જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે મોખાણા ગામના પાટીયા પાસેથી બાઈક લઈને નીકળેલા જામનગર તાલુકાના નારણપર ગામના વતની જીતુ જેરામભાઈ શેખા નામના શખ્સને અટકાવ્યો હતો, અને તેની પાસે રહેલા બાઈક ના કાગળો માંગતાં તેણે તે રાજકોટ માંથી ચોરી કર્યું હોવાનું કબુલ્યું હતું. આ ઉપરાંત તેણે ચોરી કરેલા અન્ય બે એકટીવા સ્કૂટર પણ કાઢી આપ્યા હતા. આથી પોલીસે ત્રણ ચોરાઉ વાહનો સાથે આરોપી જીતુ શેખાની અટકાયત કરી લીધી છે, અને વધુ પૂછપરછ હાથ ધરી છે. ઉપરોક્ત આરોપી અગાઉ એક ડઝનથી વધુ વાહન ચોરીમાં સંડોવાયેલો હોવાનું પણ પોલીસને ધ્યાનમાં આવ્યું છે.

# ખંભાળિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં જળસ્તર તળિયે : નર્મદા નીર પર આધાર

ખંભાળિયા : ખંભાળિયા સહિત જિલ્લામાં આવેલા દરિયાકાંઠા પર આવેલા કેટલાક ગામોમાં વાવ-કુવા-બોરના પાણી વિવિધ કારણોસર પીવા લાયક નહીં રહેતા આ ગામોના લોકોને પીવાના પાણીનો આધાર નર્મદાના નીર ઉપર રાખવો પડે છે. ત્યારે નર્મદાના નીર અનિયમિત આવતા હોવાથી આવા ગામડાઓને છેલ્લા એકાદ માસથી પીવાના પાણીની સમસ્યાનો સામનો કરવો પડતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

ખંભાળિયા તાલુકાના સલાયા બંદરથી આગળ જતા જિલ્લાની દરિયાઇ પટ્ટી વિસ્તારમાં આવેલા ગામડાઓ ઝાંકસીયા, બેરાજા, નાના આસોટા, મોટા આસોટા, દાત્રાણા, બેહ, વિગેરે ગામોમાં એકાદ માસ પહેલા જ બોર, કૂવાના પાણી તળિયે બેસી જવા તથા પાણી ભાંભરા બની જવાના કારણે પીવાના પાણી માટે મોટી સંખ્યામાં ગ્રામજનોને હવે નર્મદાના પાણી પર જ આધાર રાખવો પડે છે. પરંતુ આ વિસ્તારમાં ત્રણ કે ચાર દિવસે નહીં પરંતુ આઠ-દસ દિવસે પાણી આપવામાં આવતું હોવાથી ગ્રામજનો ભારે હાલાકીમાં મુકાઈ રહ્યા છે. ઘર ઉપયોગમાં તેમજ પીવાના માટેના પાણીનો વિશાળ જથ્થો સંગ્રહ કરી શકાય એવી સગવડતા તમામ પરિવારો પાસે ન હોવાથી તેઓ કફોડી હાલતમાં મુકાઈ રહ્યા છે.

આ મુદ્દે આગેવાનો દ્વારા પાણી પુરવઠા બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવે છે, તો એવો જવાબ આપવામાં આવે છે કે ઉપરથી પાણીનો જથ્થો વધારવામાં આવશે તો આપને વધુ પાણી આપી શકાય. આ સ્થિતિના કારણે ગામડાના લોકોની પરિસ્થિતિ દિવસે દિવસે દયાજનક બની રહી છે.

ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ અંગે જરૂરી પગલાં લઈ અને અનિવાર્ય એવા પાણીના આ પ્રશ્ને તાકીદે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠવા પામી છે.

# મોટી ખાવડીમાં રહેણાક મકાનમાંથી ૩૬ બોટલ ઈંગ્લિશ દારૂ પકડાયો

જામનગર : જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં આવેલા એક રહેણાક મકાન પર પોલીસે દારૂ અંગે દરોડો પાડી ૩૬ નંગ દારૂ ની બાટલી સાથે એક શખ્સને ઝડપી લીધો છે, અને દારૂ નો જથ્થો સપ્લાય કરનાર અન્ય એક શખ્સને ફરારી જાહેર કરાયો છે.

જામનગર તાલુકાના ગાગવા ગામમાં રહેતા અને રિક્ષા ચલાવતા કલ્પેશગર લાલગર ગોસાઈ દ્વારા મોટી ખાવડી ના ગાગવાધાર વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનમાં ઈંગલિશ દારૂ ઉતારવામાં આવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો, અને અંદર સંતાડવામાં આવેલો ૩૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો કબજે કરી લઈ આરોપી કલ્પેશગર લાલગર ગોસાઈની અટકાયત કરી લીધી છે.

પોલીસની પૂછપરછ દરમિયાન તેને ઉપરોક્ત દારૂ જામનગર તાલુકાના સિક્કામાં રહેતા મુકેશ ઉર્ફે રઈશ જયંતીભાઈ ચૌહાણ એ સપ્લાય કર્યો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# દ્વારકાના પંચકૂઈ પાસે પાણીમાં ગરક થઈ ગયેલ વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવ્યો



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકામાં ગોમતી ઘાટ નજીક પંચકૂઈ પાસે દરિયાઈ વિસ્તારમાં ગઈકાલે એક પ્રવાસી વિદ્યાર્થી ન્હાવા પડયા બાદ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જેની મૃતદેહ આજે સવારે રામઘાટ સામેના ઘાટ પરથી મળી આવ્યો હતો. જે મૃતદેહને પોલીસ દ્વારા પીએમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મૂળ જૂનાગઢના તલાલા ખાતે રહેતા ૧૨ જેટલા મિત્રો પરિક્ષા પૂર્ણ થતાં દ્વારકા ખાતે દર્શન તેમજ ફરવા માટે આવ્યા હતા. જેમાં ગઈકાલે અમુક મિત્રો ગોમતી ઘાટ નજીકના પંચકૂઈ પાસે પાણીમાં ન્હાવા પડયા હતા. જેમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતો જય પરમાર નામનો વિદ્યાર્થી એકાએક ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જેની જાણ થતાં નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તરૂણની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સાંજ સુધી આ તરૂણ મળી આવ્યો ન હતો. દરમ્યાન આજે સવારે ગોમતી ઘાટ નજીકના રામઘાટ પાસેથી યુવાનનો મૃતદેહ સાંપડયો હતો. દરમ્યાન પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે જઈ મૃતદેહનો કબ્જો સંભાળી સ્થાનિક હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ બનાવ બનતાં મિત્રવર્તૂળ તેમજ મૃતકના પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

# જામનગરમાં મોબાઈલની આઈડી પર ક્રિકેટનો સટ્ટો રમી રહેલ શખ્સની ધરપકડ



જામનગર : જામનગર શહેરમાં પટેલ કોલોની વિસ્તારમાં એક ઈસમ પોતાના મોબાઈલ ફોનની આઈડી પર આઈપીએલની ક્રિકેટ મેચનો સટ્ટો રમી રહ્યો હતો. જ્યાં પોલીસે દરોડો પડી તેને ઝડપી લઈ તેના પાસેથી રોકડ રકમ અને સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગરમાં પટેલ કોલોની શેરી નંબર ૧૦ માં શિવમ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે અમિત દિનેશભાઈ હનસોરા નામનો શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં એપ્લિકેશન ડાઉનલોડ કરી આઈપીએલની મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સની મેચનો લાઈવ સ્કોર નિહાળી ક્રિકેટનો સટ્ટો રમી રહ્યો છે, જેથી સ્થળ પર જઈ દરોડો પાડી અમિત હનસોરાની અટકાયત કરી હતી, અને તેની પાસેથી રૂપિયા ૪,૯૨૦ ની રોકડ રકમ, અને મોબાઈલફોન સહિતની માલમતા કબજે કરી છે. જેની સામે જુગાર ધારા ભંગ અંગે ગુન્હો નોંધવામાં આવ્યો છે.

# હાલાર સર્વજીવ સેવા ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્ન મહોત્સવનું આયોજન

જામનગર : જામનગરમાં હાલાર સર્વજીવ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન તા. ૪ અને ૫ એપ્રિલના વૃજભૂમિ વાડી, હરિયા કોલેજ રોડ, એસ્સાર પંપની બાજુમાં, જામનગર ખાત કરવામાં આવ્યું છે.

હાલાર સર્વજીવ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આ ૨૩મા સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૪ ને ગુરૂવારે રાત્રે ૯ કલાકે સમૂહ નિકાહ, રાત્રે ૧૦ વાગ્યે દાંડિયારાસ, તા. ૫ ને શુક્રવારે સવારે ૬ વાગ્યે મંડપ રોપણ, સવારે ૧૦ વાગ્યે હસ્તમેળાપ, બપોરે ૧૧ થી ૨ વાગ્યા સુધી ભોજન સમારંભ યોજાશે. દાતાઓ અને મહેમાનોનો સત્માર સમારંભ તા. ૫ના સવારે અગિયાર વાગ્યે યોજાશે તેમ સમૂહલગ્ન સમિતિના પ્રમુખ પ્રવીણસિંહ ઝાલા એન સંચાલક શાસ્ત્રી દીપકભાઈએ જણાવ્યું છે.

આ ઉપરાંત સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં ગાયોના ઘાસચારા, ગાયના ઓપરેશન, પદયાત્રિઓ માટે અન્ન ક્ષેત્ર, ગરીબ દર્દીઓને ટીફિન વ્યવસ્થા, કેટલ કેમ્પ, જાગૃતિ શિબિર, સમૂહલગ્ન, ભાગવત સપ્તાહ, અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ, પાણીના પરબ બાંધવા, બ્રાહ્મણના નિરાધાર બાળકોને જનોઈ આપવી, બ્લડ ડોનેશન કેમ્પ, નિરાધાર તથા વિધવા બહેનોને આર્થિક સહાય, કુદરતી આફતના સમય ફૂડ પેકેટ, કપડાં તથા અન્ય જરૂરી સહાય આપવામાં આવે છે એમ હાલાર સર્વજીવ સેવા સમાજ ટ્રસ્ટ સંસ્થાના સ્થાપક પ્રમુખ સ્વ. ધનાભાઈ, સંસ્થાના સંચાલક દીપકભાઈ શાસ્ત્રીએ જણાવ્યું છે.

# જામજોધપુરમાં પ્રેમલગ્ન કરનાર એડવોકેટ મહિલાને સાસરિયાઓએ ત્રાસ ગુજારી તરછોડી

## છૂટાછેડા નહીં આપ તો જીવતી નહીં રહેવા દેવાની પતિએ આપી ધમકી

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં રહેતી એક એડવોકેટ યુવતી કે જેણે પ્રેમલગ્ન કર્યા પછી તેણીના સાસરીયાઓએ ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢી હતી, તેમજ છુટા છેડા આપી દેવા માટે ધાક ધમકી અપાતાં તમામ સાસરીયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુરમાં તિરુપતિ સોસાયટીમાં રહેતી અને વકીલાતની પ્રેક્ટિસ કરતી પીન્ટુબેન કુરજીભાઈ પરમાર નામની ૪૦ વર્ષની યુવતી કે જેના ૨૦૧૬ની સાલમાં જામજોધપુરના વતની અને હાલ જુનાગઢમાં રહેતા મૌલિક અશોકભાઈ ઝાખરીયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ૨૦૧૬ ની સાલથી ૨૦૧૯ ની સાલના સમયગાળા દરમિયાન જુદા જુદા સમયે પતિ મૌલિક તથા સાસુ સસરાએ મેણા ટોણા મારી ત્રાસ ગુજાર્યો હતો, અને આખરે પીન્ટુબેનને પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂકી હતી. ત્યારબાદ પતિ મૌલિકે છૂટાછેડા આપવા માટે દબાણ કરી જો છૂટાછેડા નહીં આપે, તો જીવતી નહીં રહેવા દઉં, તેવી ધમકી આપતાં આખરે પિન્ટુબેને જામજોધપુર પોલીસ મથકમાં તેણીના પતિ મૌલિક હર્ષદભાઈ ઝાખરીયા, સસરા હર્ષદભાઈ જેન્તીભાઈ ઝાખરીયા, અને સાસુ નીતાબેન હર્ષદભાઈ ઝાખરીયા સામે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ફરિયાદ નોંધાવી છે.

# જામનગર જિલ્લા તિજોરી કચેરીમાં માર્ચ એન્ડીંગના અંતિમ દિવસે ૧૬૦ કરોડનું થયું ચૂકવણું

જામનગર : નાણાકીય વર્ષ ૨૦૨૩—૨૪ના અંતિમ દિવસ એટલે કે ૩૧ માર્ચના રોજ જામનગર જિલ્લા તિજોરી કચેરીમાં કર્મચારીઓનો પગાર, સરકારી ગ્રાન્ટ, ભથ્થા તેમજ એજન્સીના બિલો સહિત કુલ ૧૬૦ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

જામનગરમાં દર નાણાંકીય વર્ષની જેમ વર્ષ ૨૦૨૩—૨૪ના નાણાંકીય વર્ષનો અંતિમ દિવસ એટલે કે રવિવારે મહાનગરપાલિકા, જિલ્લા તિજોરી કચેરી, બેંકો સહિતની કચેરીઓ મોડે સુધી કાર્યરત રહી હતી. જામનગરમાં તિજોરી કચેરીએ વર્ષાંતે એક દિવસમાં રૂા. ૧૬૦ કરોડના ૪૦૦૦ બીલનુ ચૂકવણું કર્યું હતું. જેમાં કર્મચારીઓના પગાર, ભથ્થા, કચેરીના અન્ય સરકારી ખર્ચ, એજન્સીના બીલ અને સરકારી ગ્રાન્ટનો સમાવેશ થાય છે. બીજીબાજુ જામનગર મહાનગર પાલિકાએ પણ રવિવારે રજામાં મિલકત અને અન્ય વેરા સ્વીકારવાનું ચાલુ રાખ્યું હતું. જેમાં રવિવારે એક દિવસમાં મહાપાલિકાને મિલકત વેરાની રૂા. ૮,૪૯,૫૧, ૨૨૧ની આવક થઈ હતી.

# શ્રી અરવિન્દના દિવ્યાંશનો સ્થાપના-દિન ઉજવાશે

જામનગર : તા.૦૪-૦૪-૨૦૨૪ ને ગુરુવારના રોજ શ્રી અરવિન્દનો પોંડીચેરીમાં આગમન-દિન (૧૯૧૦) તેમજ શ્રી અરવિન્દ સોસાયટી જામનગર કેન્દ્રમાં શ્રી અરવિન્દના પવિત્ર દિવ્યાંશનો સ્થાપના-દિન (૨૦૦૫) પ્રસંગે શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખામાં, શરુ સેકશન રોડ, જી.એમ.બી. બિલ્ડીંગ પાસે, સાવિત્રી ભુવનમાં નીચે મુજબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તો આ કાર્યક્રમોમાં સર્વે સાધકો ઉપરાંત જામનગરના અધ્યાત્મપ્રેમી ભાઈ બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. તા. ૦૪-૦૪-૨૦૨૪ ગુરુવાર – સવારે ૧૦ થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન. સાંજે ૦૬.૦૦ થી ૦૮.૦૦ પ્રવચન અને ધ્યાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. શ્રી શ્યામભાઈ માંડવિયા, ટ્રસ્ટી - શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટ તેમજ શ્રી માતાજી અને શ્રી અરવિન્દ સાહિત્યના તત્વચિંતક તેમજ વરિષ્ઠ સાધક.

# બ્રહ્મદેવ સમાજ અધ્યક્ષની જામનગરમાં નિમણૂંક



જામનગર : જામનગર જિલ્લા મીડિયા વિભાગના અધ્યક્ષ તેમજ જામનગર જિલ્લા યુવા પ્રમુખની બ્રહ્મદેવ સમાજ ગુજરાત દ્વારા વરણી કરવામાં આવી છે. બ્રહ્મદેવ સમાજ ગુજરાતના રાષ્ટ્રીય મહાસચિવ મિલન શુકલ, ગુજરાત સંગઠન મંત્રી અજય જાની, જિલ્લા પ્રમુખ કલ્પેશભાઈ મહેતા દ્વારા સર્વસંમતિથી જામનગર જિલ્લા મીડિયા વિભાગના અધ્યક્ષ તરીકે પત્રકાર સચિન જોશીની તેમજ જામનગર જિલ્લા યુવા પ્રમુખ તરીકે મિતેશ મહેતાની નિમણૂંક કરવામાં આવી છે.

# ઈટરા ખાતે મર્મ ચિકિત્સા દ્વારા સારવાર માટે ઓ.પી.ડી.નું આયોજન

જામનગર : મર્મ ચિકિત્સા એ ભારત વર્ષની પ્રાચિનતમ ચિકિત્સા માહેની એક છે અને તેને આયુર્વેદમાં પણ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે તેના વડે પર્યાપ્ત માત્રામાં આંગળીઓ—હથેળી દ્વારા દબાણ આપી ઉપચાર કરવામાં આવે છે અને તે કારગર સાબિત થાય છે.

વર્તમાન સમયમાં લોકોમાં ફ્રોઝ(ખભ્ભાનો દુઃખાવો તેમજ ઝકળાહટ), ગરદનનો દુઃખાવો તેમજ ઝકળાહટ, કમરનો દુઃખાવો વગેરે સાંધાના દુઃખાવામાં મર્મ પધ્ધતિથી સારવાર માટે ખાસ ઓપી.ડી.નું આયોજન તા. ૦૫ માર્ચ ૨૦૨૪ (શુક્રવાર ), શલ્યતંત્ર અસ્થિસંધાન ઓ.પી.ડી. રૂમ નંબર ૧૦૪, ડી. બ્લોક, પંચકર્મ ભવન, ધનવંતરી મંદિર પરિસર, યુ.જી. કેમ્પસ, જામનગર ખાતે સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ સુધી કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહિલાઓમાં આ પ્રકારની તકલીફો પુરુષોની સરખામણીએ વધુ જોવા મળે છે. વિનામૂલ્યે અપાતી આ સારવારનો લાભ ખાસ ઓ.પી.ડી.માં લેવાં સંસ્થાના નિયામક પ્રો. વૈદ્ય અનૂપ ઠાકર દ્વારા યાદીમાં જણાવવામાં આવે છે

# ભાણવડનો શખ્સ ૩ બાટલી સાથે ઝડપાયો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના વેરાડ ગામે એક શખ્સની પોલીસે ઈંગ્લીશ દારૂની ત્રણ બાટલી સાથે અટકાયત કરી છે. જ્યારે દારૂ સપ્લાય કરનાર શખ્સને ફરાર જાહેર કર્યો છે.

ભાણવડ તાલુકાના વેરાડ ગામે રહેતા જયદીપસિંહ ગુમાનસિંહ સોઢા નામના ૨૮ વર્ષના શખ્સના કબજામાંથી પોલીસે રૂપિયા ૧,૨૦૦ની કિંમતની વિદેશી દારૂની ત્રણ બોટલ કબજે કરી, તેની અટકાયત કરી હતી. આ પ્રકરણમાં સપ્લાયર તરીકે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના લખન કેશુભાઈ ગોઢાણીયાનું નામ ખુલતા ભાણવડ પોલીસે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ૨૦૨૪માં ચાર અબજ લોકો ચૂંટણીમાં મતદાન કરશે

ભારત સહિત વિશ્વના મોટાભાગના દેશોમાં ૨૦૨૪ માં ચૂંટણી યોજાઈ રહી છે તેનો અર્થ એવો થાય કે અડધી દુનિયા ના લોકો ચૂંટણીમાં મતદાન કરશે

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં ૨૦૨૪ માં જે ચૂંટણી યોજવાની છે તે વિશ્વ કક્ષાએ સૌથી મોટી ચુંટણી છે ભારતનો જે ચૂંટણીતંત્ર છે તે વિશ્વનો સૌથી મોટો સૌથી વધુ સુનિયોજીત ચૂંટણી તંત્ર છે આવી જ રીતે વિશ્વની સૌથી જૂની લોકશાહી ગણાતી અમેરિકાની ચૂંટણી પણ આ વર્ષમાં જ આવી રહી છે ત્યાં આ વખતે બે મોટા હોય એવું નેતાઓ સામસામે ચૂંટણી લડી રહ્યા છે આ ચૂંટણી મારે રસાકસી વાળી બની જવાની છે ભારત અને અમેરિકાની ચૂંટણીમાં જમીન આસમાન નો તફાવત છે બંનેની સિસ્ટમ જુદી છે આમ છતાં ભારતનો ચૂંટણી તંત્ર વિશ્વની અંદર સૌથી વધુ કાર્યક્ષમ અને સૌથી વધુ તથા ગણવામાં આવે છે વિશ્વના ઘણા દેશો ભારતના ચૂંટણી તંત્રને મોડેલ ગણીને તેનો અભ્યાસ કરે છે અને પોતાની રીતે ચૂંટણી યોજે છે એક સમયે ભારતમાં બેલેટ પેપર પર મતદાન કરવામાં આવતું હતું હવે ઓટોમેટીક ઇલેક્ટ્રોનિક મશીનો આવી ગયા છે જેને કારણે ચૂંટણીમાં ઝડપ આવે છે ભારતે કેવો દેશ છે કે આ બારેમાસ કોઈને કોઈ જગ્યાએ તો ચૂંટણી ચાલ્યા જ કરતી હોય છે લોકસભા થી માંડીને ગામડાની પંચાયતમાં પણ ચૂંટણી થતી હોય છે સહકારી સંસ્થાઓમાં પણ ચૂંટણી થતી હોય છે લોકશાહી દેશનો સૌથી મોટો પરિબળ છે અને તે આપણા માટે ગૌરવ છે

આખી દુનિયા માટે ૨૦૨૪નું વર્ષ વિશાળ પરિવર્તનો આણનારું સાબિત થવાનું છે. આ વર્ષે જે લિપ વર્ષ છે તે દુનિયાની અડધી વસતીનું ભાગ્ય બદલશે. વાત એવી છે કે, ભારતમાં તો લોકસભા ચૂંટણીનું રણશિંગુ ફુંકાઈ ગયું છે અને અમેરિકામાં પણ ચૂંટણી મુદ્દે ગરબડ ગોટાળા ચાલ્યા કરે છે.

રશિયામાં ચૂંટણીના દેખાડા થયા અને ઘીના ઠામમાં ઘી પડે તેમ પુતિન જ સર્વસત્તાધિશ રહ્યા છે. આ બધા ફેરફારો વચ્ચે નોંધનિય બાબત એવી છે કે, ૨૦૨૪નું વર્ષ વૈશ્વિક સ્તરે રાજકીય ઉથલપાથલ અને ચૂંટણીઓનું વર્ષ રહેવાનું છે. આ વર્ષે દુનિયાના ૭૦થી વધારે દેશોમાં ચૂંટણી યોજાવાની છે. જાણકારોના મતે આ વર્ષે ૭૮ દેશોમાં ૮૩ જેટલી ચૂંટણીઓ થશે જેમાં દેશની નવી સરકારો રચાશે. તેમાં પૂનરાવર્તન અને પરિવર્તનના અવિસ્મરણીય પરિણામો જોવા મળી શકે છે. આ વર્ષે ભારત, અમેરિકા અને બ્રિટન જેવી મોટી લોકશાહીમાં ચૂંટણીઓ યોજાવાની છે. તો બીજી તરફ રશિયા, યુક્રેન, બાંગ્લાદેશ, પાકિસ્તાન જેવા દેશોમાં પણ ચૂંટણી થવાની છે. વસતીની દ્રષ્ટીએ જોઈએ તો દુનિયાની સૌથી વધુ વસતી ધરાવતા ભારતમાં ચૂંટણી થવાની છે તો બીજી તરફ માત્ર ૧૧,૩૯૬ની વસતી ધરાવતા નાનકડા દેશ તુવાલુમાં પણ નવી કેન્દ્ર સરકાર રચાશે.

વિશ્વની અડધી વસતી કરશે મતદાન ૨૦૨૪ના વર્ષમાં વૈશ્વિક સ્તરે જે ચૂંટણીઓ યોજાશે તે વર્લ્ડ રેકોર્ડ બની રહેવાનો છે. વિશ્વની અડધી વસતી એટલે કે અંદાજે ૪.૩ અબજ લોકો મતદાન કરશે. આ વખતે અમેરિકા અને ભારત જેવા મોટા દેશોમાં ચૂંટણી છે. તે ઉપરાંત એશિયા, આફ્રિકા અને યુરોપના ઘણા દેશોમાં નવી સરકાર રચાવાની છે. તે સિવાય યુરોપીયન યુનિયનના સભ્ય ૨૭ દેશોની પણ પોતાની ચૂંટણી થવાની છે. જી-૨૦અને જી-૭માં સ્થાન ધરાવતા મહત્ત્વના અને મોટા દેશોમાં આ વર્ષે ચૂંટણી થવાની છે.

# અપંગ અબળા નહીં, દિવ્યાંગ સબળા

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

**બાળવયથી એક પગની અપંગતા હોવા છતાં ખેડૂતની દીકરી કાંખઘોડીના સહારે જિંદગીમાં મજબૂત મન અને કઠણ કાળજાના સથવારે બીજવરને વરે છે. સાસરે જઈને આખા કુટુંબને ઉપયોગી થઈ, બેઠું કરવામાં આગવી સૂઝ દાખવે છે**

ચાર વર્ષની ઉંમરે ખેડૂતની દીકરી અમરતને જમણા પગે ખોટ આવી. ગોઠણથી તે પગના ફણા સુધીનો ભાગ પોલિયોના કારણે સાવ પાતળો પડી ગયો. એ જમાનામાં એનો કોઈ ઈલાજ ન થયો. તેના માબાપ તો મૂંઝાણાં. દીકરીની જાત અને આવી અપંગતા, જન્મારો કેમ કાઢશે ? દીકરીને એક પગે કાંખ ઘોડી કરાવી આપી. તેના આધારે દીકરી આખો દા'ડો કામ સગડ રહેતી. ખેતીવાળું ખોરડું એટલે વાડી , ખેતર અને ઘર વચ્ચે અમરત આંટા ફેરા કર્યા કરતી. ઘરે બે ચાર ઢોરઢાંખર ખરાં. એટલે એનું ય કામ કરે ખરી. ઢોરનું વાસીદું , ફળિયુ વાળવું, રસોઈ બનાવવી અને ક્યારેક તો પાડોસણ ભેળી ગામને કૂવે પાણી ભરવાયે જાતી. આમને આમ દિવસો પસાર થતા ગયા. સમયને જાતા ક્યાં વાર લાગે છે ? તે અઢાર વર્ષની થઈ. ને એની નાતમાં એક ગામડે ખેડૂત એવા બીજવર ને ત્યાં એનું પાણી ગ્રહણ થઈ ગયું. સાસરે આવી પણ ત્યાં તો ટૂંકી ખેતી. આગલા ઘરનાં બે સંતાનો અને સાસુ-સસરા એમ સૌની સેવા કરવા એણે તો કમર કસી લીધી. પોતાના ધણી ભેળી ખેતરે ખેડકામમાં મદદરૂપ થાય. ઘરનું સઘળું કામ કરે. શેરી-બજારને જાતે બનાવેલા ઊભા સાવરણેથી વાળી કરી અને ગામને કૂવેથી દિ' ઊગે ત્યાં તો ચાર પાંચ હેલ પાણી ભરી લે.

ગામ આખાને નવાઈ લાગે કે એક કાંખ ઘોડીને ટેકે અને માથે ભરેલી હેલ લઈને કૂવેથી આ બાઈ ચાર પાંચ ફેરા મારે છે. ઈ કઠણ કાળજાની તો કહેવાય હો ! બે પાંચ વર્ષમાં એને ત્યાં બે સંતાનો થયાં. મોંઘવારી વધતી



ગઈ. ઘરખેડમાં કાંઈ ઉપજ નહીં અને આઠ આઠ માણસનું રસોડું, તે ઉપજ વગરનું ખોરડું ડૂલી ગયું. અધૂરાંમાં પૂરું માથે આગલા ઘરની બે દીકરીઓને વળાવવાના પ્રસંગો આવ્યા. ઘરમાં ફૂટી કોડી ન મળે ! ટૂંકી ખેતીની જમીન ધીરધારમાં માંડી દીધી ને સાટે વ્યાજવટે પૈસા લીધાં. હવે આજીવિકાનું સાધન શું !

અમરતે પોતાના પરિવાર સાથે બાપને ઘરે જઈને ખેતીમાં ભાગ રાખ્યો. એનો ધણી કામઢો ખરો તે રાતદી ખેતીના કામ સગડ જ રહે. અમરતે બાપની ખેતીમાં ભાગીદારી કરી. સાસુ-સસરા, પોતાનાં બે સંતાનો અને બે જણાં પોતે, એમ રાત દિવસ જોયા વિના જાત મહેનતે પાંચ વર્ષમાં તો આ ખોરડું બે પાંદડે થઈ ગયું. કરકસર અને કામની ખંતથી ભેગી કરેલી કમાણી, પોતાની જે જમીન વ્યાજે લીધેલાં પૈસામાં માંડી હતી, તે છૂટી થાય એટલા પૈસા ભેગા કરી લીધાં. વતનમાં આવીને જમીન છૂટી કરાવી. બાપના ઘરે ખેતીનો પાકો અનુભવ લીધેલો એટલે પોતાની ટૂંકી જમીનમાં પણ રાત દિવસ જોયા વગર બંને જણાં ખેડવાડમાં મંડી પડ્યાં .

પોતાની ખેતીવાળી જમીનમાં જાતે કૂવો ગાળ્યો. તેમાં બારે મહિના ખૂટે નહીં એટલું સારું પાણી થયું. વર્ષની ત્રણ ઉપજ ; શિયાળું , ઉનાળુ અને ચોમાસું પાક લેવા માંડ્યાં. ઘર માટે દુજણાં ઢોર રાખ્યાં. ખેતી અને પશુપાલનમાં આખું ઘર મથવા લાગ્યું. પરોઢિયે ચૂલો પેટાવીને આખા દિ'ના રોટલા ટીપી નાખતી અમરત દિ' ઊગે ત્યાં ભાતોડિયામાં રોટલી બાંધીને આખા ઘરને ઢોરઢાંખર સહિત વાડી ભેળું કરી દેતી. સૌનું સિરામણ વાડીએ જઈને થાતું. મધ્યાહને સૂરજનારા'ણ માથે આવે ત્યાં લગી આ કુટુંબ ખેડવાડમાં બથોડાં ભરતું અને માલઢોર વાડીના શેઢે ચર્યા કરતાં.

ધોમ ધખતો સૂરજ માથે આવે ત્યારે આખું ઘર વાડીના ઘેઘૂર વડલાના ટાઢા છાંયડે બપોરા કરવા બેસતું. એ છાંયડાના એક છેડે પાણાં ગોઠવીને મંગાળો કરેલો. તેના પર તપેલામાં અમરત ઘરની વાડીમાંથી વીણેલું શાક વઘારે. અર્ધા દિ 'લગી ખેતીકામમાં મહેન કરીને ભૂખ્યાં ડાંસ જેવાં સૌ શાકના વઘારથી જ ધરાઈ જાતાં. ચૂલે સૂકાં રાડાં, ટિટિયા, અડાયાં છાણાંનો તાપ તપેલાની પડખે લબરાકિયાં મારતો શાકને બાફીને છેડવી નાંખવામાં વાર નહોતો લગાડતો. સૌ કૂવેથી વહેતાં પાણીએ હાથપગ ધોઈને સમાનમા થાય ત્યાં તો અમરત રોટલા બાંધેલું ભાતોડિયું કપડું છોડીને દરેકની સામે ગાડાનાં પૈડાં જેવાં બબ્બે બાઢાં મેલી દે. ઈ બાઢાંની વચાળે પડેલા ખાડામાં ફળફળતું શાક અને માટીના દોણામાંથી એક એક છાલિયું જાડી ખજડા જેવી છાશ. આખું કુટુંબ ભેળું બેસીને રોંઢો કરતું જાય અને અલક મલકની વાતો કરતું ધરાઈ ધરાઈને બપોરા કરી લેતું.

માલઢોર પણ ચરાણેથી ધરાઈને બપોરનો વિસામો લેવા અહીં વડલા હેઠે આવી જતાં. વહેતા ધોરિયે પાણી પીધાં પછી શીળી છાંયામાં બેસીને ઢોર ચરેલું બધું વાગોળતાં ત્યારે અમરત પણ તેની સામે જોઈને બેઠી બેઠી પોતાનું જીવન વાગોળતી. કુટુંબના બાકીનાં બધાં એ છાંયડે જ લંબાવતાં.

અમરતનાં છોકરાંઓ મોટાં થયાં. એટલે કામ ધંધે માબાપની પડખે ઊભાં રહી ગયાં. દિવસો વિતતા ગયા. વૃદ્ધાવસ્થાએ પહોંચતા સુધીમાં તો અમરતે પોતાનાં બંને સંતાનોને વરાવી દીધાં.ગામ આખાને અમરતની અમીરાત, તેની અપંગતા સામે મનની અડગતા અને ખોરડાને બે પાંદડે કરવામાં એણે વાપરેલી કોઠાસૂઝના વખાણ કર્યા વિના છૂટકો નહોતો. ભાગ્યે જ કોઈ ઓરતમાં આવી ધગશ, કુટુંબ ભાવના, સ્વાશ્રય અને સ્વાવલંબીપણું જોવા મળે !

અમરતને જીવનમાં ક્યારેય પોતાના દેહની અપંગતા ખટકી નથી. એનું મન મજબૂત છે. એનું કાળજું કઠણ છે. અપંગ હોવા છતાં એને સાસરું મળ્યું એનું કારણ તો એના જેની સાથે લગ્ન થયા એ પુરુષના પહેલાં પત્ની બે નાનેરાં સંતાનો મેલીને અવસાન પામેલાં ને સાસુ-સસરાની ઉંમર ! આવી પરિસ્થિતિમાં ઘરસંસાર ચાલે એમ માનીને અમરતને આ ખોરડે લીધેલી. અહીં આવીને અમરતે તો પોતાની કુનેહથી આ ખોરડાને ઉજળું કરી બતાવ્યું.

# જાપાનની ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની તૈયારી !

## પૃથ્વીથી મંગળ સુધી કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં આવશે !!

કરંટ ટોપિક

જો આવનારા થોડા વર્ષો કે દાયકાઓમાં ચંદ્ર પર મનુષ્યો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે અને ત્યાંથી અવકાશમાં સંશોધનની ગતિવિધિઓ થવા લાગે તો તેમાં નવાઈ પામવા જેવું નથી. નાસા ચંદ્રનો આધાર તરીકે ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની સંભાવના પર કામ કરી રહી છે. માનવ અવકાશના રહસ્યો જાણવા માટે ઉત્સુક છે. અને તે અવકાશના રહસ્યો જાણવાની ઇચ્છા હતી, જે માણસને ચંદ્ર પર લઈ ગઈ પરંતુ મનુષ્ય ચંદ્ર પર પહોંચી ગયો હોવા છતાં આજે પણ ચંદ્ર પ્રત્યે વૈજ્ઞાનિકોની રુચિ ઓછી થઈ નથી.

ચંદ્ર અવકાશ સંશોધનમાં એટલો ખાસ બનવા જઈ રહ્યો છે કે હવે વૈજ્ઞાનિકો ત્યાં બેઝ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ આ માટે સંપૂર્ણ પ્લાન તૈયાર કર્યો છે.બ્રિટીશ અવકાશ વૈજ્ઞાનિક ડો. મેગી એડેરિન-પોકોકે ચંદ્ર પરના આધારના મહત્વ તેમજ નાસાના આર્ટેમિસ પ્રોજેક્ટ અને ચંદ્ર પર બેઝ માટેની યોજનાઓ વિશે વિગતવાર વર્ણન કર્યું છે.

સૌરમંડળમાં પૃથ્વીની સૌથી નજીક જો ચંદ્ર છે. વાસ્તવમાં જો કોઈ મિશનને સૌરમંડળના બીજા ભાગમાં મોકલવાનું હોય તો તેનું અંતર ઘણું વધી જશે, આવી સ્થિતિમાં મિશનની સફળતાની સૌથી સારી આશા એ હશે કે પૃથ્વી પરથી સીધા જવાને બદલે, વચ્ચે એક આધાર હોવો જોઈએ જ્યાંથી મિશન શરૂ કરી શકાય છે. લોન્ચ કરી શકાય છે અને ત્યાં સુરક્ષિત રીતે પરત આવી શકે આ કાર્ય માટે ચંદ્રથી શ્રેષ્ઠ કોઈ સ્થાન નથી. આ જ કારણ છે કે નાસાને ફરી એકવાર ચંદ્રમાં રસ જાગ્યો છે.

નાસા આર્ટેમિસ મિશન દ્વારા ૫૦ વર્ષમાં પ્રથમ વખત ચંદ્ર પર લોકોને મોકલી રહ્યું છે.ડો. મેગી એડરિન પોકોકે જણાવ્યું હતું કે "નાસાનું આર્ટેમિસ મિશન મનુષ્યોને ચંદ્ર પર મોકલી રહ્યું છે, પરંતુ તેનો વાસ્તવિક હેતુ ચંદ્રનો સ્ટેજીંગ પોસ્ટ તરીકે ઉપયોગ કરવાનો છે." નાસાએ પોતે કહ્યું છે કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય એ સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે કે મનુષ્ય પૃથ્વીની બહાર કેવી રીતે રહી શકે છે અને આ વિશાળ વાદળી ગ્રહથી દૂર માનવ વસવાટ કેવી રીતે સ્થાપિત કરી શકાય છે. "ચંદ્ર પૃથ્વી કરતાં નાનો હોવાથી તેનું ગુરુત્વાકર્ષણ ઓછું છે.આવી સ્થિતિમાં, ચંદ્ર પરથી પ્રક્ષેપણ સરળ બને છે અને તેની સાથે આપણે મંગળ જેવા સ્થળોને જોવાનું શરૂ કરી શકીએ છીએ.

એડરિને વધુમાં કહ્યું, કે"આ ૩૦, ૪૦ કે ૫૦ વર્ષ વિશેની વાત છે. પછી લોકો ચંદ્ર પર માનવ આધાર રાખવા અને વાસ્તવમાં ચંદ્ર પર રોકેટ બનાવવા અને ઓછા ગુરુત્વાકર્ષણને કારણે તેમને ચંદ્ર પરથી લોન્ચ કરવા વિશે વિચારી રહ્યા છે.વૈજ્ઞાનિકો આ દલીલનો ઉપયોગ એવા લોકોને જવાબ આપવા માટે કરે છે જેઓ કહે છે કે ચંદ્ર પર આધાર બનાવવાને બદલે આપણે પૃથ્વીથી સીધા મંગળ પર મિશન મોકલવા જોઈએ.નાસાએ કહ્યું કે આર્ટેમિસ મિશન સાથે, અમે વૈજ્ઞાનિક શોધ અને તકનીકી પ્રગતિ માટે ચંદ્રની શોધ કરી રહ્યા છીએ અને મંગળ પર માનવ મિશનની તૈયારી કરતી વખતે અન્ય વિશ્વમાં કેવી રીતે જીવવું અને કામ કરવું તે શીખીશું.

બીજી તરફ જાપાનના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની યોજના બનાવી છે.સાથે જ તેના નિર્માણ પછી, ચંદ્ર પર માનવ વસાહત સાથે, મંગળ અને પૃથ્વી વચ્ચેની કનેક્ટિવિટી પણ શરૂ થવાની અપેક્ષા છે.ત્યારે વૈજ્ઞાનિકોનું માનવું છે કે તેનો પહેલો પ્રોટોટાઈપ ૨૦૫૦ સુધીમાં તૈયાર થઈ જશે.જ્યારે પૃથ્વી ઉપરથી પ્રથમ માણસે પૃથ્વી છોડી અને ચંદ્ર પર પગ મૂક્યો, ત્યારે તેને માનવતા માટે એક મહાન છલાંગ કહેવામાં આવી છે.આજે એ ઘટનાને ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને હવે માણસ ચંદ્ર પર વસાહત સ્થાપવાની તૈયારી કરી રહ્યો છે.કદાચ ટૂંક સમયમાં એવો દિવસ આવશે જ્યારે ચંદ્ર પર માનવ વસાહત સ્થાપિત થઈ શકશે અને મનુષ્ય ત્યાં રહેવાનું શરૂ કરશે. વૈજ્ઞાનિકો આ આયોજનમાં વ્યસ્ત છે, આ દરમિયાન જાપાનના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જાપાનની ક્યોટો યુનિવર્સિટીના સંશોધકોએ ૨૦૨૨ માં જાહેરાત કરી હતી કે તેઓ પૃથ્વીને ચંદ્ર અને મંગળ સાથે જોડતી ટ્રેન બનાવવાની યોજના પર કાજીમા કન્સ્ટ્રક્શન સાથે કામ કરી રહ્યા છે. આ સાથે પૃથ્વીની બહાર લોકોને સ્થાયી કરવા માટે કૃત્રિમ આવાસ બનાવવાની પણ યોજના છે.ત્યારે ચાલો જાણીએ કે પૃથ્વીને બીજા ગ્રહ સાથે જોડતી આ ટ્રેન કેવી રીતે બનાવવામાં આવશે.અને વૈજ્ઞાનિકોએ તેના પર શું કામ શરૂ કર્યું છે.

તો આ બધું વિજ્ઞાનની કલ્પના જેવું લાગે છે પરંતુ સત્ય એ છે કે જાપાનના સંશોધકોએ તેના માટે જીવંત નિવાસ સ્થાનનું આયોજન શરૂ કરી દીધું છે.આ એક શંકુ આકારની ઇમારત હશે જેમાં પૃથ્વીની જેમ ગુરુત્વાકર્ષણ અને વાતાવરણ સર્જાશે.વૈજ્ઞાનિકોએ આ ઈમારતને ગ્લાસ નામ આપ્યું છે, જેનું માળખું માનવ શરીરને ઓછી ગુરુત્વાકર્ષણ અને શૂન્ય ગુરુત્વાકર્ષણ સ્થિતિમાં નબળા પડવાથી બચાવશે.તેમાં કૃત્રિમ ગુરુત્વાકર્ષણની સાથે પૃથ્વી જેવી સુવિધાઓ હશે, જેમાં એક ગ્રહથી બીજા ગ્રહ પર જવા માટે પરિવહન, હરિયાળી અને પાણી પણ હશે. તો કાજીમા કન્સ્ટ્રક્શને આ બિલ્ડિંગનું વર્ચ્યુઅલ બાંધકામ પણ રજૂ કર્યું છે, અને તેની સંપૂર્ણ યોજના દર્શાવી છે.

સરળ શબ્દોમાં કહીએ તો, તે એક ઊંધો શંકુ છે જે પૃથ્વીની જેમ જ સતત ફરતો રહેશે. પરિભ્રમણને કારણે, તેના કેન્દ્રમાં એક ખેંચાણ સર્જાશે, જેના કારણે તેની અંદર પૃથ્વી જેવું ગુરુત્વાકર્ષણ અનુભવાશે.સંશોધકોને આશા છે કે ૨૦૫૦ સુધીમાં ૧૩૦૦ ફૂટ ઉંચો અને ૩૨૮ ફૂટ વ્યાસનો પ્રોટોટાઈપ તૈયાર થઈ જશે.જો કે, તેના અંતિમ પ્રકારને બનાવવામાં અને કાર્યરત થવામાં એક સદી લાગી શકે છે.

# અમેરિકાની સૌથી મોટી પુલ દુર્ઘટના

**અમેરિકામાં એક માલ વાહક જહાજ જેને અમેરિકાનું ગૌરવ કહી શકાય તેવા પુલ સાથે ભયાનક ધડાકા સાથે ટકરાતા પુલ ધરાશાઈ એ થયો હતો**



અમેરિકામાં એક ઐતિહાસિક ગણાય તેવા પુલ સાથે ૯૪૮ ફૂટ લાંબું કંટેનર જહાજ પુલ સાથે ટકરાતા ભયાનક દુર્ઘટના બની હતી જોકે મોરબીના પુલ દુર્ઘટનામાં મૃત્યુ આંક ઊંચો હતો પરંતુ અમેરિકા નો આ પુલ આર્થિક દ્રષ્ટિએ મહત્વનો હોવાથી તેને વિશ્વ કક્ષાએ વધુ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે તે અર્થતંત્ર ઉપર ખૂબ મોટી અસર પાડે તેમ છે આ વર્ષો જૂનો પુલ નિર્માણ કરવામાં વર્ષોના વર્ષો નીકળી જાય તેમ છે આથી આ ઘટનાને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વ આપવામાં આવ્યું છે પુલ સાથે ટકરાવાની ઘણી ઘટનાઓ બની છે પણ આ ઘટના સૌથી વધુ પ્રસિદ્ધ પામી છે

આ બાલ્ટીમોર હાર્બરથી શ્રીલંકાની ૨૭ દિવસની યાત્રાની શરૂઆત હતી. બંદર છોડ્યા બાદ જહાજ આગળ વધ્યું અને તે બાલ્ટીમોરના પ્રતીક એવા ફ્રાંસિસ સ્કોટના બ્રિજ તરફ જઈ રહ્યું હતું. અડધી રાતનો સમય હતો. જહાજની લાઇટો અચાનક બંધ થઈ ગઈ, જેના કારણે ચાલક દળના સભ્યો અંધારામાં જ રહી ગયા. જહાજમાં ઇલેક્ટ્રોનિક્સ સાધનો કામ કરતાં નહોતાં, મશીન ખરાબ થઈ ગયાં હતાં. જહાજ પર હાજર લોકોએ દરેક શક્ય કોશિશ કરી. પણ દુર્ઘટના થતી રોકી ન શકાઈ.જહાજના નાવિકોને સમજાતું નહોતું કે શું કરીએ

અમેરિકાના બાલ્ટીમોર શહેરમાં એક પુલ ધરાશાયી થયા બાદ નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જણાવવામાં આવી રહ્યું છે કે અત્યાર સુધીમાં અમુક લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. નદીમાં ૫-૭ લોકોની શોધ કરવામાં આવી રહી છે. સિંગાપોરના ધ્વજવાળા કાર્ગો જહાજ તેની સાથે અથડાયા બાદ મંગળવારે વહેલી સવારે પુલ તૂટી પડ્યો હતો.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગ્રેસ ઓશન દ્વારા નોંધાયેલ ડાલી જહાજ સિનર્જી મરીન દ્વારા સંચાલિત છે. સિનર્જી મરીન કોર્પે જણાવ્યું હતું કે જહાજ ડાલી બ્રિજના થાંભલા સાથે અથડાયું હતું. કંપનીએ કહ્યું કે આ દુર્ઘટનામાં જહાજમા કોઈ જાનહાનિ થઈ નથી અને જહાજમાં સવાર તમામ ક્રૂ મેમ્બર ભારતીય હતા. સમસ્યાનું સમાધાન કરવા અને જહાજ પર નિયંત્રણને પાછું લેવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. ચાલક દળે અનેક પ્રયત્નો કર્યા પછી એલાર્મ વાગવા લાગ્યા.જહાજ પર સવાર એક નાવિકે હેલ્સમેને પરેશાન થઈને ચાલક દળને કહ્યું કે જહાજને બંદર તરફ વાળી દેવામાં આવે અને જહાજને બ્રિજ તરફ વધતું રોકવા માટે તેને લાંગરવામાં આવે.

જોકે માનવામાં આવે છે કે આપાતકાલીન જનરેટર શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ જહાજનું એન્જિન ચાલુ થયુ નહોતુ.પાઇલટો પાસે કોઈ વિકલ્પ નહોતો બચ્યો. સ્થાનિક સમય અનુસાર બપોરે ૧.૩૦ વાગ્યા પહેલાં તેમણે મે ડેનો આખરી કોલ આપ્યો. તેમણે ચેતવણી આપી કે જહાજ અથડાવાનું છે.થોડી વાર પછી મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના એક અધિકારીને રેડિયો ટ્રાફિક પર કહેતા સાંભળી શકાય છે કે, "એક જહાજ આવી રહ્યું છે અને તેણે સુકાન પર નિયંત્રણ ગુમાવી દીધું છે."

બાલ્ટીમોર બ્રિજને લોકો "કી બ્રિજ"ના નામથી ઓળખે છે. વર્ષ ૧૯૭૭માં આ પુલને લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પુલને ૧૯મી સદીમાં થયેલા અમેરિકન કવિ ફ્રાંસિસ સ્કોટનું નામ આપવામા આવ્યું હતું.

કવિ ફ્રાંસિસ સ્કોટ અમેરિકાના રાષ્ટ્ર ગીત "સ્ટાર સ્પૈંગલ્ડ બેનર"ના રચયિતા છે.આ બ્રિજ ૨૬૩૨ મીટર લાંબો હતો જે પટાપ્સકો નદીના બીજા કિનારે આવેલા બાલ્ટીમોર બંદરગાહને જોડતો હતો. અને આ નદી આ સ્થળે સમુદ્રમાં ભળી જાય છે.આ દુર્ઘટનાના વીડિયોમાં જોઈ શકાય છે કે કંટેનર શિપ ડાલી જ્યારે બ્રિજના એક સ્તંભ સાથે અથડાય થાય છે ત્યાર પછી બ્રિજ ધરાશાયી થાય છે. સિંગાપુરમાં નોંધાયેલ આ જહાજ ગ્રીસની કંપની ઓશનબલ્ક માટે દક્ષિણ કોરિયામાં બનાવવામાં આવ્યું છે.આ સમયે આ જહાજને સિનર્જિ ગ્રૂપ ચલાવી રહ્યું છે જે આવા જહાજોને ભાડે લે છે.

શિપિંગ ક્ષેત્રની મોટી કંપની મર્સ્કએ કહ્યું કે આ જહાજમાં તેમના કાર્ગો પણ હતા. આ જહાજ મંગળવારે સવારે બાલ્ટીમોરના સીગર્ટ મરીન ટર્મિનલથી શ્રીલંકા જવા માટે રવાના થયું હતું.

ગવર્નર મૂરે કહ્યું કે બ્રિજ તરફ આગળ વધતા સમયે જહાજની ગતિમાં આવેલી ઝડપને નોંધી શકાય છે. મરીન ટ્રાફિકના ડેટા પ્રમાણે જહાજે જેવું પોતાના માર્ગથી ભટકવાનું શરૂ કર્યું ત્યારે તેની ગતિ ધીમી થવા લાગી. એકદમ તે જ સમયે જહાજની લાઇટ બંધ થઈ ગઈ અને જહાજના ફનેલમાંથી ધુમાડો નીકળવાનો શરૂ થઈ ગયો અને તેની ગતિ પણ ઓછી થઈ ગઈ. ત્યારપછી આ જહાજ પુલ સાથે અથડાયું. આ દુર્ઘટના એન્જિન કે સ્ટીયરિંગ ખરાબ થવાથી અથવા જનરેટર બળી જવાને કારણે થઈ હશે. બાલ્ટીમોરથી મળી રહેલી જાણકારી મુજબ સૂર્યોદય થતાની સાથે જ સ્પષ્ટ થયું કે અકસ્માત કેટલો મોટો હતો.

આ પુલનો કેટલોક ભાગ હજી પણ પાણીમાં ડુબેલો છે. જહાજ પણ હજી ઘટનાસ્થળે હાજર છે અને આ જહાજ પર અલગ-અલગ રંગોના કંટેનર છે. તાપમાન અત્યંત ઓછું હોવાને કારણે બચાવકર્મીઓને પોતાનું કામ કરવામાં પણ ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો. શ્રીલંકા જઈ રહેલા જહાજનું સંચાલન કરનારી કંપની સિનર્જિ મરીન ગ્રૂપે જાણકારી આપી છે જહાજનું ક્રૂ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ જહાજના ચાલક દળમાં ૨૨ લોકો સામેલ છે જે ભારતીય છે. કંપની તરફથી જાહેર કરવામાં આવેલ પ્રેસનોટ પ્રમાણે જહાજમાંથી કોઈપણ પ્રકારનો પ્રદૂષિત પદાર્થ ઢોળાઈ નથી રહ્યો. આ ઘટનાની તપાસ માટે ક્વોલિફાઇડ ઇન્ડિવિજ્યુઅલ ઇન્સીડેન્ટ રિસ્પોન્સ સર્વિસ શરૂ કરવામાં આવી છે.આવેલી સમસ્યાને પહોંચી વળવાના અને વહાણને નિયંત્રણમાં પાછું લાવવાના પ્રયાસો અસફળ રહ્યા. અનેક પ્રયાસો કરવામાં આવ્યા ત્યારે કેટલાક એલાર્મો વગાડવામાં આવ્યા હતા. હોડી પરના એક સ્થાનિક નાવિકસવારે બેચેનીમાં આદેશ આપ્યો. હેલ્મસમેને ક્રૂને જહાજને બંદર તરફ ફેરવવાનું કહ્યું અને જહાજને પુલ તરફ વહી જતું અટકાવવા માટે લંગર છોડવાનું કહ્યું. જોકે, ઇમરજન્સી જનરેટર શરૂ કરવામાં આવ્યું હતું, તેમ છતાં જહાજ તેના એન્જિનની ક્ષમતા પાછી મેળવી શક્યું નથી. પાઇલટો પાસે કોઈ વિકલ્પ ન હતો. સ્થાનિક સમય મુજબ બપોરે દોઢ વાગ્યાના થોડા સમય પહેલાં છેલ્લો કોલ કર્યો. તેમણે ચેતવણી આપી હતી કે જહાજ અથડાવાનું છે.થોડા સમય બાદ મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના અધિકારી રેડિયો ટ્રાફિક પર એમ કહેતા સાંભળવા મળે છે કે, "એક જહાજ આવી રહ્યું છે અને તેણે નિયંત્રણ ગુમાવ્યું છે."

તેઓ કહી રહ્યા હતા કે જ્યાં સુધી તમે તેને નિયંત્રિત નહીં કરો ત્યાં સુધી આપણે ટ્રાફિક રોકવો પડશે.આ ઇમરજન્સી કોલ હતો જેના કારણે થયેલી ત્વરિત કાર્યવાહીએ અનેક લોકોની જાન બચાવી.

અધિકારીઓ આવેલા ફોન અને જહાજ અથડાય તેની વચ્ચેની બે મિનિટમાં પુલ પર અવરજવર રોકવા માટે સક્ષમ હતા. પુલ પર કામ કરી રહેલા સડકદળના છ લોકોને મૃત માની લેવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે છ કર્મચારીઓ મેક્સિકો, ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને અલ સાલ્વાડોરના નાગરિકો હતા. બીબીસીએ સ્વતંત્રપણે તેની પુષ્ટિ કરી નથી. જહાજના ચાલકદળના તમામ ૨૨ સદસ્યો ભારતીય છે. ભારત વૈશ્વિક સમુદ્રી ઉદ્યોગમાં એક પ્રમુખ ખેલાડી છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા અઠવાડીયે થશે



મુંબઇ,
ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર યોજાનાર છે. આ વખતે ટી ૨૦ વર્લ્ડ કપમાં ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. હાલમાં ભારતમાં આઈપીએલ ખૂબ જ વિસ્ફોટક રીતે રમાઈ રહી છે. ચાહકો દરરોજ રોમાંચક મેચો જોવા મળી રહ્યા છે. ભારતના તમામ ખેલાડીઓ આઈપીએલમાં રમી રહ્યા છે. પરંતુ ટી ૨૦ વર્લ્ડ કપની ટીમની પસંદગી આઈપીએલની મધ્યમાં થવાની છે. આ અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે.

યુ.એસ. અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતની ૧૫-સભ્ય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતા છે કારણ કે આઈસીસીની ટીમ સબમિશનની અંતિમ તારીખ ૧ મે છે. ભારતીય ક્રિકેટ બોર્ડના એક સૂત્રએ આ જાણકારી આપી. પરંતુ ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી દરેક ટીમને ૨૫ મે સુધી તેમની શરૂઆતની ટીમમાં ખેલાડીઓ બદલવાની તક મળશે.

બીસીસીઆઈના એક વરિષ્ઠ સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ભારતીય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા સપ્તાહ દરમિયાન કરવામાં આવશે અને આ સમય સુધીમાં ઈન્ડિયન પ્રીમિયર લીગનો પહેલો ભાગ પૂરો થઈ જશે જેના દ્વારા રાષ્ટ્રીય પસંદગી સમિતિ મૂલ્યાંકન કરી શકશે. દાવેદારોનું ફોર્મ અને ફિટનેસ. આમ કરવાની સ્થિતિમાં હશે. સૂત્રએ જણાવ્યું હતું કે આઈપીએલનો લીગ સ્ટેજ ૧૯ મેના રોજ પૂરો થતાં જ ક્રિકેટરોની પ્રથમ બેચ ન્યૂયોર્ક જવા રવાના થશે. જે ખેલાડીઓની ટીમો અંતિમ ચાર માટે ક્વોલિફાય ન થઈ હોય તેઓ પણ ગયા વર્ષે ડબલ્યુટીસી ફાઈનલની જેમ વહેલા જશે.

# કેનેડામાં વર્ષનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ દેખાશે પછી ૨૦ વર્ષ સુધી આવું દૃશ્ય નહીં દેખાય

ઓટાવા,
કેનેડાનાં ઓન્ટોરિયો રાજ્યના નાયગ્રા વિસ્તારમાં નાયગ્રા ફોલ પાસેના નાયગ્રા શહેરમાં જ ૧૦ લાખથી વધુ લોકો તા. ૮ એપ્રિલે થનારું ખગ્રાસ સૂર્યગ્રહણ જોવા એકઠા થવાના છે અને તે માટે શહેરના મેયર જિમ ડીયોડાટીએ અત્યારથી જ વ્યવસ્થા ગોઠવવી શરૂ કરી દીધી છે. આ પૂર્વે ૧૯૭૯માં આવું સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું. બીજી તરફથી 'નેશનલ જ્યોગ્રોફિક' એના દ્વારા આ



સૂર્યગ્રહણનો વીડીયો ઉતારી તે વર્લ્ડ વાઈડ વેબ ઉપર પ્રસારિત કરવા નિર્ણય કર્યો છે.

આ સૂર્યગ્રહણ જોવા લાખ્ખો લોકો કેનેડા અને યુએસમાંથી તો આવશે જ તે ઉપરાંત દુનિયાભરમાંથી પણ લાખ્ખો આવવાના છે તેમ કહેતા મેયર જિન ડીયોડાટોએ પત્રકારોને પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તે સર્વવિદિત છે કે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે જયારે ચંદ્ર આવે છે ત્યારે ગ્રહણ થાય છે. પરંતુ દર વખતે કંઈ સંપૂર્ણ ખગ્રાસ ગ્રહણ થતું નથી. સૂર્યનો થોડો ભાગ જ ઢંકાય છે તો તેને 'ખંડગ્રાસ' સૂર્યગ્રહણ કહેવામાં આવે છે.

# રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂર દ્વારા મારપીટનો એક રમૂજી કિસ્સો સંભળાવ્યો

મુંબઇ,
ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો ૩૦ માર્ચથી નીંકફ્લૅટ પર ૧૯૦ દેશોમાં સ્ટ્રીમ થઈ રહ્યો છે. શોના પહેલા એપિસોડમાં રણબીર કપૂર માતા નીતુ કપૂર અને બહેન રિદ્ધિમા કપૂર સાહની સાથે પહોંચ્યો હતો. આ દરમિયાન સુનીલ ગ્રોવર, કૃષ્ણા અભિષેક અને કીકુ શારદાની કોમેડીએ ચાહકોને હસાવ્યા અને પેટમાં દુઃખાવો કરાવ્યો. દરમિયાન, રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂરને પણ યાદ કર્યા અને દિવાળીની પૂજા દરમિયાન તેને કેવી રીતે માર મારવામાં આવ્યો તે અંગે એક કિસ્સો સંભળાવ્યો.

ઋષિ કપૂરના માત્ર એક જ વાર હિટ થયાની કહાની સંભળાવતા રણબીર કપૂરે કહ્યું કે, મને માત્ર એક જ વાર ખૂબ જ હિટ થયો હતો. આરકે સ્ટુડિયોમાં દિવાળી પૂજા. પપ્પા ખૂબ ધાર્મિક હતા. મને લાગે છે કે જ્યારે હું ચપ્પલ પહેરીને મંદિરની અંદર ગયો ત્યારે હું આઠ કે નવ વર્ષનો હતો. તેથી મારે ડુપાલી પહેરવી પડી. ખૂબ જોરથી.

એનિમલ એક્ટરે મજાકમાં એમ પણ કહ્યું કે તે માતા નીતુ કપૂર હતી જે બાળપણમાં અમને સુધારવા માટે મારતી હતી.

# PhonePeએ UAEની Mashreqના NeoPay સાથે કરી ડીલ

## UAEમાં મુસાફરી કરતા PhonePe વપરાશકર્તાઓ હવે Mashreqના NeoPay ટર્મિનલ પર UPIનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકશે



યુનાઈટેડ અરબ અમીરાત,
યુનાઈટેડ અરબ અમીરાત (UAE)માં મુસાફરી કરતા PhonePe વપરાશકર્તાઓ હવે Mashreq™k NeoPaઅ ટર્મિનલ પર UPIનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકે છે. વોલમાર્ટ ગ્રુપની ડિજિટલ પેમેન્ટ કંપનીએ ગુરુવારે આ જાણકારી આપી હતી. PhonePe એ નિવેદનમાં જણાવ્યું હતું કે યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) દ્વારા વ્યવહારોની સુવિધા આપવામાં આવશે. ખાતામાંથી ડેબિટ ભારતીય રૂપિયામાં થશે, જે ચલણના વિનિમય દરને પ્રતિબિંબિત કરે છે. NEOPAY ટર્મિનલ્સ રિટેલ સ્ટોર્સ, રેસ્ટોરન્ટ્સ તેમજ પ્રવાસી અને વેકેસન મનાવતા સ્થળો પર ઉપલબ્ધ છે. PhonePeના ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ સીઈઓ રિતેશ પાઈએ જણાવ્યું હતું કે, આ ભાગીદારી સાથે, ગ્રાહકો હવે UPI દ્વારા સરળતાથી વ્યવહાર કરી શકશે. "ડિજિટલ ચૂકવણીને સક્ષમ કરવું એ માત્ર સુવિધા માટે ફોનપેની પ્રતિબદ્ધતાને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ આજના પ્રવાસીઓની વિકસતી જરૂરિયાતોને પણ પૂર્ણ કરે છે.

# શાહીન આફ્રિદી પાકિસ્તાની ટીમનું સુકાની પદ છોડવાનું વિચારી રહ્યો છે

ઈસ્લામાબાદ,
છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન ક્રિકેટમાં સતત ચર્ચા ચાલી રહી છે કે બોર્ડ ફરી એકવાર બાબર આઝમને પાકિસ્તાન ટીમનો કેપ્ટન બનાવી શકે છે. ભારતમાં આયોજિત આઈસીસી વનડે વર્લ્ડ કપમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ બાબરે ટીમની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. આ પછી શાહીન શાહ આફ્રિદીને ટી ૨૦ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. પરંતુ તેના નેતૃત્વમાં પાકિસ્તાની ટીમે ખરાબ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ આ વર્ષે જૂનમાં આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપનું આયોજન થવાનું છે તેને ધ્યાનમાં રાખીને બાબરને ફરીથી કેપ્ટન બનાવવાની ચર્ચા ચાલી રહી છે.

જો કે પાકિસ્તાનની ટી ૨૦ ટીમનો વર્તમાન કેપ્ટન આનાથી ખુશ નથી અને ટી ૨૦ ટીમની કેપ્ટનશીપ છોડવાનું વિચારી રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ અને ટી-૨૦ કેપ્ટન તરીકે પોતાના ભવિષ્ય સાથે જોડાયેલી ચર્ચાઓમાં સામેલ ન થવાથી નિરાશ ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી સુકાની પદ છોડવાનું વિચારી રહ્યો છે. શાહીનના નજીકના એક જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે બોલર એ વાતથી નારાજ છે.

# બાઈડને તેમના કાર્યકાળ દરમિયાન પ્રથમ વખત પાકિસ્તાનના રાષ્ટ્રપતિને લખ્યો પત્ર

વોશિંગ્ટન,
અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને તેમના કાર્યકાળ દરમિયાન પહેલીવાર પાકિસ્તાનના રાષ્ટ્રપતિને પત્ર લખ્યો છે. ૨૦૧૮માં અધ્યક્ષ બન્યા બાદ બિડેને પાકિસ્તાનના કોઈપણ પીએમ સાથે વાત કરી ન હતી. શાહબાઝ શરીફને લખેલા પોતાના પત્રમાં બિડેને કહ્યું હતું કે અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેની ભાગીદારી આપણા લોકો અને વિશ્વભરના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે.



પાકિસ્તાનમાં વધી રહેલા સંકટ પર, અમેરિકી રાષ્ટ્રપતિએ ઈસ્લામાબાદને ખાતરી આપી કે તેઓ આતંકવાદના ખતરાનો સામનો કરવા માટે તેની સાથે અને શહેબાઝ શરીફની આગેવાનીવાળી સરકાર સાથે કામ કરવાનું ચાલુ રાખશે. ઈસ્લામાબાદમાં યુએસ એમ્બેસીના જણાવ્યા અનુસાર, પત્રમાં કહેવામાં આવ્યું છે કે, અમારા લોકો અને વિશ્વભરના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમારા બંને દેશો વચ્ચે કાયમી ભાગીદારી મહત્વપૂર્ણ છે અને યુનાઈટેડ સ્ટેટ્સ વૈશ્વિક અને પ્રાદેશિક પડકારોનો સામનો કરવા માટે પાકિસ્તાનના પ્રયાસો માટે પ્રતિબદ્ધ છે.

# 'મિર્ઝાપુર ૩' જૂન-જુલાઈની આસપાસ રિલીઝ થશે : રિતેશ સિધવાણી

મુંબઈ,
ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ વિડિયોએ થોડા સમય પહેલા આ વર્ષે રિલીઝ થનારી ઘણી ફિલ્મો અને સિરીઝની યાદી જાહેર કરી હતી. તે યાદીમાં 'મિર્ઝાપુર ૩'નું એક નામ પણ હતું. પહેલાથી જ માનવામાં આવી રહ્યું હતું કે 'મિર્ઝાપુર ૩' વર્ષ ૨૦૨૪માં રિલીઝ થશે. જો કે, જ્યારે લિસ્ટ બહાર આવ્યું ત્યારે તેની પુષ્ટિ થઈ ગઈ અને તે સ્પષ્ટ થઈ ગયું કે આ સિરીઝ આ વર્ષે જ જોવા મળશે. જો કે તે કેટલા સમય માટે દેખાશે તે જણાવવામાં આવ્યું નથી. પરંતુ, હવે નિર્માતા રિતેશ સિધવાનીએ આ અંગે એક મોટી માહિતી શેર કરી છે. એક ઈન્ટરવ્યુમાં રિતેશે કહ્યું, "તે આપણા હાથમાં નથી, પરંતુ પ્રાઈમ વીડિયોના હાથમાં છે. પરંતુ મને લાગે છે કે તે જૂન-જુલાઈની આસપાસ રિલીઝ થશે. રિતેશની વાત પરથી કોઈ ફાઈનલ ડેટ જાણવા મળી ન હતી, પરંતુ ખબર છે કે 'મિર્ઝાપુર ૩' આગામી ત્રણ-ચાર મહિનામાં જોવા મળી શકે છે. જોકે, હાલમાં સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. તેની જાહેરાત ક્યારે થશે તે જોવું રહ્યું. જ્યારે પ્રાઈમ વિડિયોએ આગામી ફિલ્મો અને શ્રેણીની યાદી બહાર પાડી ત્યારે 'મિર્ઝાપુર'ની આખી સ્ટાર કાસ્ટ તે કાર્યક્રમમાં હાજર હતી.

# દંગલ : ફોગાટ ફેમિલીને માત્ર ૮૦ લાખ અને આમિરને રૂ.૩૭૫ કરોડની આવક

મુંબઇ
બોલિવૂડની યાદગાર બ્લોક બસ્ટર ફિલ્મોની યાદી 'દંગલ' વગર અધૂરી રહે છે. આમિર ખાનનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ ફોગાટ સિસ્ટર્સના જીવન આધારિત હતી. ફોગાટ સિસ્ટર્સે કુસ્તીમાં આંતરરાષ્ટ્રીય નામના મેળવી હતી. તેમના જીવન પરથી બનેલી 'દંગલ' ડિસેમ્બર ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. ભારતીય બોક્સઓફિસ પર આ ફિલ્મને રૂ.૩૮૭.૩૯ કરોડનું કલેક્શન મળ્યું હતું. તેનું ઓવરસીઝ કલેક્શન રૂ.૧૪૩૫ કરોડ હતું.

એકંદરે રૂ.૧૯૭૦ કરોડનું કલેક્શન મેળવનારી પહેલી બોલિવૂડ ફિલ્મ 'દંગલ' છે. તેના પછી શાહરૂખ ખાનની ફિલ્મ જવાનનો નંબર આવે છે, જેને રૂ.૧૧૬૩ કરોડની આવક મળી હતી.





# અભિનેત્રી સોનારિકા ભદૌરિયા તેના અંગત જીવનના કારણે ચર્ચામાં આવી

## અભિનેત્રી સોનારિકા ભદૌરિયાએ પોસ્ટ શેર કરી : અભિનેત્રીની પોસ્ટ જોઈ ફેન્સ ચોંકી ગયા

મુંબઈ,
ટીવી સીરીયલ 'દેવોં કે દેવ મહાદેવ'ની અભિનેત્રી સોનારિકા ભદૌરિયા, પાર્વતી છેલ્લા કેટલાક દિવસોથી પોતાના અંગત જીવનના કારણે ચર્ચામાં છે. હોળીના દિવસે અભિનેત્રી તેના પતિ વિકાસના ચરણ સ્પર્શ કરીને ગુલાલ લગાવતી જોવા મળી હતી. પછી ચાહકોએ અનુમાન કર્યું કે અભિનેત્રી તેના અંગત જીવનમાં ખુશ છે. પરંતુ સોશિયલ મીડિયા પર દેખાતી દરેક વસ્તુ સાચી નથી હોતી, હવે અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કંઈક એવું લખ્યું છે, જેનાથી ફેન્સ ચોંકી ગયા છે. હાલમાં અભિનેત્રીની પોસ્ટની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. સોનારિકાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. અભિનેત્રીએ કહ્યું, 'કંઈ સારું થતું નથી. જે પણ હોય તે તમારે જાતે જ કરવું પડશેપ મારા પર વિશ્વાસ કરો સારી વસ્તુઓ ક્યારેય આસાન નથી આવતી. જરૂરી નથી કે જે વસ્તુઓ સરળતાથી થાય છે તે યોગ્ય જ હોય ??છે.' અભિનેત્રીની આવી પોસ્ટ પછી ફેન્સ પણ ચોંકી ગયા છે.

# ઠિંગુજી જો પર્વતની ટોચે પહોંચે તો પણ ઠિંગુજી જ રહેવાનો' દિગ્ગજ ક્રિકેટરનો પંડ્યા પર કટાક્ષ

મુંબઇ,
તેના કડવા શબ્દમાં સત અભિપ્રાય માટે જાણીતા પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુએ આઈપીએલમાં હિન્દી કોમેન્ટેટર તરીકે પુનરાગમન કર્યું અને આવતા સાથે જ મુંબઈ ઈન્ડિયન્સના રોહિત શર્મા અને કેપ્ટન હાર્દિક પંડ્યા વચ્ચેના કથિત ગજગ્રાહ માટે તેની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે ભારતના વર્તમાન કેપ્ટન અને મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્માને હટાવીને તેના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવાયો છે. તેનાથી રોહિતના ચાહકોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે પણ અંગત રીતે હું માનું છું કે એક સીનીયર ક્રિકેટર જૂનિયર ક્રિકેટરના હાથ નીચે મેનેજમેન્ટની બદલાવની દ્રષ્ટિ સાથે રમે તો તેમાં કોઈ વાંધો ન હોવો જોઈએ. રોહિત શર્મા હાર્દિક પંડ્યાના હાથ નીચે રમે તો પણ તેમાં રોહિત શર્મા ક્રિકેટ વિશ્વમાં એક ખેલાડી અને કેપ્ટન તરીકે કાયમ મહાન જ રહેશે. કોઈ ક્રિકેટર કેપ્ટન બનવાથી ટીમના અન્ય શ્રેષ્ઠ ખેલાડી કરતા મોટો બની જ શકતો નથી. ખેલાડી તેની કારકિર્દી અને પ્રદાનથી યાદ રખાતો હોય છે.

નવજોત સિંહ સિદ્ધુએ ઉમેર્યું કે અમારા જ અરસા દરમિયાન એવું જોવા મળ્યું હતું કે કપિલદેવ, વેંગસરકર, ગાવસ્કર, શ્રીકાંત અને શાસ્ત્રી ભારતની ટીમના કેપ્ટન રહી ચુકેલા પાંચ ખેલાડીઓ એક જ ટીમમાં હતા છતાં સુમેળ જોવા મળતો. આજે તે ખેલાડીઓ કેપ્ટન હતા એટલે નહીં પણ ક્રિકેટની તેમની પ્રતિભા અને પ્રદાનથી યાદ રખાય છે. નવજોત સિદ્ધુએ તે પછી બેધડક કહી દીધું કે જે ઠિંગુજી છે તેને તમે પર્વતની ઉંચાઈએ મુકી દો તો પણ તે ઠિંગુજી જ રહેતો હોય છે અને જે સૂર્ય જેવો તેજસ્વી હોય છે તેને ઉંડી ખીણમાં કે કૂવામાં ધકેલી દો તો પણ તે સૂર્ય જ રહે છે.



# નો એન્ટ્રી 2: ન સલમાન, ન ફરદીન, નવા કલાકારોની ત્રિપુટી સિક્વલમાં જોવા મળશે

મુંબઇ,
૧૯ વર્ષ પછી આખરે નો એન્ટ્રીની સિક્વલ આવી રહી છે. ૨૦૦૫માં રિલીઝ થયેલી ફિલ્મ નો એન્ટ્રીને કલ્ટ ફિલ્મ ગણવામાં આવે છે. ફિલ્મની વાર્તા, સંવાદ, ગીતો અને કાસ્ટિંગ એટલું શાનદાર હતું કે ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. હવે મેકર્સ તેની સિક્વલ લાવવા જઈ રહ્યા છે પરંતુ નવી સ્ટાર કાસ્ટ સાથે. વર્ષ ૨૦૦૫માં, પીઢ ફિલ્મ નિર્માતા અનીસ બઝમી તમિલ ફિલ્મ ચાર્લી ચૅપ્લિન (ચાર્લી ચૅપ્લિન, ૨૦૦૨)ની હિન્દી રિમેક 'નો એન્ટ્રી' લાવ્યા. ભાગ્યે જ કોઈએ અનુમાન કર્યું હશે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ સિસ્ટમને હચમચાવી નાખશે.

અનીસ બઝમી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં સલમાન ખાન (પ્રેમ), અનિલ કપૂર (કિશન) અને ફરદીન ખાન (સની) એ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી . ફિલ્મની વાર્તા આ ત્રણ બેસ્ટ ફ્રેન્ડ પર આધારિત હતી. આ ફિલ્મમાં, બિપાશા બાસુ, એશા દેઓલ, સેલિના જેટલી, લારા દત્તા, બોમન ઈરાની, સમીરા રેડ્ડી અને નીતા શેટ્ટી જેવા ઘણા તેજસ્વી કલાકારોની જોડીએ પ્રેક્ષકોને તેમની રમૂજથી મોટેથી હસાવ્યા હતા.

૨૦૦૫માં 'નો એન્ટ્રી'એ સારો બિઝનેસ કર્યો હતો. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક હતી. આ ફિલ્મની કમાણી લગભગ ૯૫ કરોડ હતી. નો એન્ટ્રીની આવી જબરદસ્ત સફળતા બાદ લોકો સિક્વલ માટે બેતાબ છે. આ ફિલ્મની સિક્વલની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી છે. હવે નિર્માતાઓએ પોતે જ કાસ્ટનો ખુલાસો કર્યો છે.

થોડા મહિના પહેલા સમાચાર આવ્યા હતા કે નો એન્ટ્રી ૨ ની કાસ્ટ બદલવામાં આવી છે. નવી કાસ્ટ સાથે સિક્વલ તૈયાર કરવામાં આવશે. પછી એવી ચર્ચા હતી કે જે સલમાન ખાનનું સ્થાન લેશે તે બીજું કોઈ નહીં પણ 'જુડવા ૨' એક્ટર વરુણ ધવન છે . તે સમયે દિલજીત દોસાંજનું નામ પણ સામે આવ્યું હતું. હવે બોની કપૂરે માત્ર વરુણ અને દિલજીત જ નહીં પરંતુ ત્રીજા નામની પણ પુષ્ટિ કરી છે.

# દ્વારકા ખાતે ચૂંટણીલક્ષી કામગીરી માટે પોલિંગ સ્ટાફનો તાલીમવર્ગ યોજાયો

## પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થીયરીની સાથોસાથ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા અપાયું વિસ્તૃત માર્ગદર્શન



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા.૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે થનારી મતદાનની કામગીરી સુનિશ્ચિત રીતે સુપેરે પાર પડે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૧૨ - જામનગર સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટ ૮૨ - દ્વારકા મતવિભાગ માટે દ્વારકા ખાતે ઝોનલ ઓફીસર, પ્રિસાઈડીંગ ઓફિસર અને આસિસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફિસર, પોલિંગ ઓફીસરને મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીની રાહબરી હેઠળ તાલીમ વર્ગો યોજાયો હતો.

પ્રથમ તબક્કાના આ તાલીમવર્ગમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફટર પોલ, EVM, VVPAT, રિસીવીંગ-ડિસ્પેચીંગ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી જાણકારી સાથે સમજ અપાઈ હતી. દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે અંગે પણ આવા મતદારોને જરૂરી સુવિધા અને સહાયકની સેવા ઉપલબ્ધિ અંગે પણ જાણકારી અપાઈ હતી. તદ્ઉપરાંત તમામને EVM, VVPAT અંગે હેન્ડસ ઓન ચૂંટણીલક્ષી કામગીરી સબબ જાણકારી સાથે પ્રત્યક્ષ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પણ પુરૂ પડાયું હતું. આ ચૂંટણીમાં મતદાન વખતે મતદારે ફોટો વોટર સ્લીપની સાથોસાથ ચૂંટણીપંચે સૂચવેલ વૈકલ્પિક અન્ય ૧૨ દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઈ એક પુરાવો પણ હવે રજૂ કરવાનો રહેશે તેની પણ સમજ આપવામાં આવી હતી. ચૂંટણી ફરજ ઉપરના અધિકારીઓ/કર્મચારીઓને પોસ્ટલ બેલેટ-ઈડીસી દ્વારા મતદાન અંગે પણ માહિતગાર કરાયાં હતાં.

પ્રિસાઈડિંગ ઓફિસર અને આસિસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફિસર માટે યોજાયેલા આ તાલીમ વર્ગમાં સુપરવાઈઝરી કામગીરી બાબતે ચોકસાઈ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈધાનિક ફોર્મની વિગતો ભરવા, મોકપોલ, મતદાન પ્રક્રિયા, પૂર્ણ થયા બાદ EVM મશીન VVPAT સીલ કરીને તેના ડિસ્પેચીંગ સુધીની તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તથા તાલીમમાં વગરપરવાનગીએ ગેરહાજર રહેલા કર્મચારીઓને કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી એચ.બી. ભગોરાએ તાલીમ વર્ગોની મુલાકાત લઈ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રિસાઈડીંગ ઓફિસરોને અપાઈ રહેલી તાલીમનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

# જામનગર લોકસભા બેઠકના મતદારો માટે ઉપયોગી એપ્લીકેશનની જાહેરાત

જામનગર : જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકશાહીના પર્વ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. લોકશાહીના આ અનેરા અવસરમાં સહભાગી થવા મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ખાસ કરીને નવા મતદારોમાં ચૂંટણી કાર્ડ અંગે, મતદાર યાદીમાં નામ અંગે તથા મતદાન મથક અને બૂથ લેવલ ઓફિસર વિશેના ઘણા પ્રશ્નો ઉદભવતા હોય છે.

મતદારો તેમજ ઉમેદવારો માટે વિવિધ પ્રકારની એપ્લીકેશન્સ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જે પૈકી એપ્લીકેશન્સ દરેક મતદારો તેમજ ઉમેદવારો માટે ઉપયોગી સાબીત થાય છે. જામનગર જિલ્લામાંના મતદારોને ચુંટણી પ્રક્રિયા દરમિયાન નીચે મુજબની એપ્લિકેશન્સ ઉપયોગી નીવડી શકે છે અને આંગળીના ટેરવે આ એપ્લિકેશન્સના માધ્યમથી મતદારો જાણકારી અને માર્ગદર્શન મેળવી શકે છે.

વોટર હેલ્પલાઈન એપ એ મતદારોના અનેક સવાલોનું ડિજીટલ સમાધાન અને સમસ્યાઓનું વન સ્ટોપ સોલ્યુશન' છે. આ એપ પરથી મતદાર મતદાન અંગેના જરૂરી ફોર્મ જેવાં કે, નવા મતદાર તરીકે અરજી માટેનું ફોર્મ, ટ્રાન્સફર અથવા શિફ્ટિંગ માટેનું ફોર્મ, મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટેનું કે સુધારા માટેનું ફોર્મ વગેરે જેવાં ફોર્મ ભરીને અરજી કરી શકે છે.

મતદારો મતદાર યાદીમાં તેમનું નામ ચકાસી શકે છે. મતદારો તેમના મતદાન મથકની વિગતો સહિત તેમના બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) ઈઆરઓ (ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર્સ)ની વિગતો મેળવી શકે છે. મતદાતાઓ આ એપ પરથી આઈડેન્ટિટી કાર્ડ પણ ડાઉનલોડ કરી શકે છે. ડુપ્લીકેટ ઈલેક્શન ફોટો આઈડેન્ટિટી કાર્ડ મેળવી શકે છે. પોતાની અરજીની સ્થિતિ ચકાસી શકે છે. અરજી કરેલ ફોર્મ સેવ કરી શકાય છે. ફરિયાદ કરી શકાય છે તથા કરેલી ફરિયાદની સ્થિતિ જોઈ શકાય છે. ઉમેદવારની પ્રોફાઈલ અને એફિડેવિટ મેળવી શકાય છે, ડાઉનલોડ કરીને શેર કરી શકાય છે. ચૂંટણી પરિણામો મેળવી શકાય છે.

આ એપ પરથી ઉમેદવારોને નામથી શોધી શકાય છે તથા જોઈ શકાય છે. ઉમેદવારોના તેમની ઉમેદવારી પત્ર સંબંધિત માહિતી, સોગંદનામાની વિગતો વગેરે બાબતો ઉપલબ્ધ છે. મતદાર તરીકે નામ અંકિત કરાવવું. વ્હીલચેર માટે વિનંતી કરવી. મતદારયાદીમાં નવું નામ નોંધાવવું/નામ રદ કરાવવું/સુધારા-વધારા કરવા. સ્થળાંતર માટે ભારતીય ચૂંટણી પંચ ચૂંટણીના સમયગાળા દરમિયાન ઉમેદવારો માટે નામાંકન, પરવાનગી અને મીડિયા પ્રમાણપત્ર ભરવા માટેની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કામ કરી રહ્યું છે. નોમિનેશન, પરવાનગીઓ અને મીડિયા સર્ટીફીકેશન નામની વેબ એપ્લિકેશન દ્વારા ફાઈલ કરવામાં આવે છે. ઉમેદવાર માટે સ્થિતિ અને અપડેટ્સ તપાસવા માટે તેને સુલભ બનાવવા માટે તેમની અરજી માટે સુવિધા ઉમેદવાર એપ બનાવી છે. આ મોબાઈલ એપ ઉમેદવારોને તેમના નોમિનેશન, પરવાનગીઓ મારફતે ફાઈલ કરેલ મીડિયા એપ્લિકેશનની સ્થિતિ તપાસવાની મંજૂરી આપે છે.

આદર્શ આચારસંહિતા ભંગની ફરીયાદ માટે આ એપથીનાગરિક ત્રણ માધ્યમથી એટલે કે ફોટો, વિડીયો અને ઓડિયો જેવા વિકલ્પથી ફરિયાદ નોંધાવી શકશે ફરિયાદ નોંધાવવા માટે નાગરિકે તમનું યુઁજી શેર કરવાનું થશે.

ગુગલ પ્લે સ્ટોરમાં દરેક મતદારો અને ઉમેદવારોએ આ અત્યંત ઉપયોગી એપ્લિકેશનો પર રજિસ્ટ્રેશન કરીને પોતાનું એકાઉન્ટ બનાવવું જોઈએ, જેથી કરીને તેઓ મતદાન તથા ચૂંટણી સંબંધિત અનેકવિધ સુવિધાઓ પોતાના આંગળીના ટેરવે મેળવી શકે અને લોકશાહીના આ મહાપર્વમાં કોઈ પણ સમસ્યા વગર સહભાગી થઈ શકે છે.

# દ્વારકા જિલ્લામાં પાત્રતા ધરાવતા અને બાકી રહેલા મતદારો આગામી તા.૯મી એપ્રિલ ૨૦૨૪ સુધી ફોર્મ-૬ ભરી શકાશે

દ્વારકા : સમગ્ર વિશ્વમાં સૌથી વધારે મહત્વની બાબત જો કોઈ ગણાતી હોય તો એ છે ચૂંટણી. સમગ્ર વિશ્વમાં ઉત્સવોના દેશ તરીકે ઓળખાતા ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયાને પણ ઉત્સવ રૂપે ઉજવવામાં આવે છે. આ ઉત્સવમાં મતદાન કરી સહભાગી થવું એ પણ એક લ્હાવો છે. એમાંય પહેલી વખત મતદાન કરનાર માટે આ અવસર જીવનભરનું સંભારણું બની રહે છે.

ગુજરાત રાજ્યમાં આગામી તા. ૦૭/૦૫/૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજનાર છે. ગુજરાતમાં ૧૮ થી ૧૯ વર્ષની વયના ૧૧,૩૨,૮૮૦ યુવા મતદારો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૪,૩૯૪ યુવા મતદારો તરીકે નોંધાયેલા છે. દેશના પર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે ત્યારે, દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કોઈ પણ પાત્રતા ધરાવતા મતદારો, ચૂંટણી પ્રક્રિયામાંથી બાકાત ન રહે તથા દેશની લોકશાહીના મહાપર્વમાં રાષ્ટ્રના સર્વગ્રાહી વિકાસ માટે પ્રત્યેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરે એ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ બન્યું છે. ચૂંટણી જાહેર થતા હાલ સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લા તંત્ર અસરકારક રીતે ચૂંટણી પ્રક્રિયામાં જોડાઈ ગયું છે. જેના ભાગરૂપે, હજી પણ કોઈ નવા મતદારો નામ નોંધવામાં બાકી રહી ગયા હોય તેઓ માટે, મતદારયાદીમાં નવા નામ નોંધણી હેતુ ફોર્મ-૬ આગામી તા.૦૯/૦૪/૨૦૨૪ સુધી ભરી શકાશે. જેના માટે મતદાર નોંધણી અધિકારીની કચેરી અથવા કલેકટર કચેરીમાં રૂબરૂ અરજી આપી શકાય છે. આ ઉપરાંત મતદારો ઓનલાઈન અરજી કરી શકે છે. નોંધનીય છે કે, નામ કમી હેતુનું ફોર્મ-૭ સ્વીકારવાના બંધ કરવામાં આવેલ છે. જ્યારે મતદારયાદીમાં સુધારા હેતુ ફોર્મ-૮ ફક્ત સ્થળાંતરના કિસ્સામાં મેળવવામાં આવશે. એબ્સેન્ટ (ગેરહાજર), શિફટેડ (સ્થળાંતરિત), અને ડેડ (મૃત્યુ પામેલા) તરીકે નોંધાયેલ મતદારોની યાદી જે તે મતદાન મથકે રાખવામાં આવશે. આવા મતદારો રહેણાંકનો અદ્યતન પુરાવો રજૂ કરીને મતદાન કરી શકશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હજુ પણ પોતાનું અને પોતાના પરિવારના પુખ્ત વયના સભ્યોનું નામ મતદારયાદીમાં છે કે નહી તે તપાસી લેવા અને જરૂર જણાયે હજુ પણ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે અરજી કરી શકાય છે. તેમણે આગામી તા.૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી થઈ દેશ પ્રત્યે પોતાની ફરજ નિભાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દેવભૂમિ દ્વારકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઠેબામાં યોજાશે માલધારી મહિલા સંમેલન

જામનગર : જામનગરના પંચકોશી સમસ્ત ભરવાડ સમાજ ગોપાલક-માલધારી સમૂહ લગ્ન સમિતિ દ્વારા ૧૩ મો સમૂહ લગ્નોત્સવ સફળતાપૂર્વક યોજાયો હતો. આ સમૂહ લગ્નમાં જોડાયેલ ૧૦૦ કન્યાઓને દરેક ને રૂ. ૨૪ હજારની આર્થિક સહાયના આદેશપત્ર, સમિતિને રૂ. ૭૫ હજારનો સહાયનો આદેશપત્ર આપવાનો કાર્યક્રમ તા. ૭-૪-૨૪ ના સવારે ૧૦ વાગ્યે ઠેબા ગામે રામદેવપીર મંદિરના પટાંગણમાં યોજવામાં આવશે. જેમાં સમૂહ લગ્નના ખર્ચનો હિસાબ રજુ કરવા ઉપરાંત માલધારી મહિલા સંમેલન યોજાશે. આ સમારોહના અધ્યક્ષસ્થાને મુળવાનાથ મંદિર -દ્વારકાના મહંત બાલારામબાપુ ઉપસ્થિત રહેશે. સમારોહના મુખ્ય અતિથિ વિશેષ તરીકે જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ ઉપસ્થિત રહી સમારોહને દીપ પ્રાગટ્યથી ખુલ્લો મુકશે. મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મૈયબેન ગરસર, જામનગર ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંકના ચેરમેન જીતુભાઈ લાલ, જામનગરના ધારાસભ્યો રિવાબા જાડેજા તથા દિવ્યેશભાઈ અકબરી, મહાનગરપાલિકાના કોર્પોરેટરો તેમજ અન્ય સંસ્થાના પદાધિકારીઓની ઉપસ્થિતિ રહેશે.

# દ્વારકામાં હોટલ અને ગેસ્ટ હાઉસના સંચાલકોને પોર્ટલ પર નોંધણી કરવા અપાઈ સૂચના

દ્વારકા : સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના તમામ હોટલ/ગેસ્ટ હાઉસ ધારકોને દ્વારકાના પ્રાંત અધિકારી એચ.વી. ભગોરીએ ખાસ પોર્ટલ પર નોંધણી કરાવી લેવા સૂચના આપી છે.

દરેક હોટલ/ગેસ્ટ હાઉસ ધારકને 'એનઆઈડીએચઆઈ પ્લસ' પોર્ટલની સેવાનો લાભ લેવા નોંધણીકરાવી લેવા તેમજ તેમના એકમ માટે 'ટ્રાવેલ ફોર લાઈફ' પ્રમાણપત્ર માટે સાઈન અપ કરાવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

એનઆઈ ડીએચઆઈ પ્લસ પોર્ટલ પર ટુરિસ્ટ ડીફબેક અને ફરિયાદ સેવાને પ્રવાસીઓ માટે પ્રમોટ કરવા માટે છે. ડીફબેક એકત્રિત કરી અને પ્રવાસીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે પ્રવાસન મંત્રાલય દ્વારા સ્વદેશ દર્શન યોજના ૨.૦ હેઠળ આ એક પહેલ છે. તેમનો ઉદ્દેશ્ય દ્વારકાની પ્રવાસન સ્થિતિ સુધારવા અને એક મહત્ત્વાકાંક્ષી પર્યટન સ્થળમાં રૂપાંતરિક કરવાનો છે.

પ્રવાસન મંત્રાલય ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન સ્કીમ ૨.૦ હેઠળ પ્રવાસીઓની માહિતી એકત્રિક કરવામાં આવી રહી છે જે માહિતી નંબર સંબંધિત છે. દર મહિને તમારા દ્વારા ગુગલ ફોર્મમાં માહિતી દાખલ કરવામાં આવે.

સ્વદેશ દર્શન ૨.૦ એ ભારત સરકાર દ્વારા એક મોટી પહેલ છે. આ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં સૌના સહયોગથી તકો ઊભી કરી શકીએ છીએ, જેથી દ્વારકાને દેશની અંદર એક અદ્ભુત પ્રવાસન સ્થળ બનાવવામાં આવે.

આ એનઆઈ ડીએચઆઈ પ્લસ પોર્ટલ નોંધણી સંબંધિત છે. કોઈપણ એકમ (સંસ્થા) દ્વારા કોઈપણ રજિસ્ટ્રેશનમાં મુશ્કેલી હોય તો અત્રેની કચેરીનો સીધો સંપર્ક કરી શકો છો. જેથી સત્વરે સંસ્થાની નોંધણી એનઆઈડીએચઆઈ પ્લસ પોર્ટલ પર કરાવવા અપીલ કરવામાં આવે છે, જેથી તમારી માહીતી પોર્ટલ પર દર્શાવી શકાય.

# ભાટિયામાં નિઃશૂલ્ક નેત્ર નિદાન કેમ્પમાં ૨૨૧ લોકોએ લાભ લીધો




ભાટીયા : ભાટીયામાં કિશોર ચેરી. ટ્રસ્ટ દ્વારા રણછોડદાસ બાપુ ચેરી. ટ્રસ્ટ હોસ્પિટલના સહકારથી સરકારી દવાખાનામાં ૧૦૩ મો વિનામૂલ્યે નેત્ર કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૨૧ દર્દીઓની તપાસણી કરવામાં આવી હતી. ૧૦૪ દર્દીઓના મોતીયાના ઓપરેશન રાજકોટ હોસ્પિટલમાં કરી નેત્રમણી બેસાડી આપવામાં આવ્યા હતાં.

આ કેમ્પમાં ડાડુભાઈ આંબલીયા, સુનિલ સરદાર, જીવણભાઈ પાણખાણીયા, દેવેન લાલ, મણીભાઈ બારાઈ, સાગર ઝાલાએ સેવા આપી હતી. સંચાલન પ્રમુખ કિશોરભાઈ દતાણીએ કર્યું હતું.

# જામનગરમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચકલી બચાવો અભિયાન હેઠળ ૯ હજાર માળાઓનું વિતરણ



જામનગર : બહુમાળી મકાનો, અવાજનું પ્રદૂષણ, મોબાઈલ ટાવર અને ખોરાકનો અભાવ આવા અનેક કારણોસર ઘર આગળનું પક્ષી ચકલી આજે શહેરી વિસ્તારોમાંથી લુપ્ત થતી જાય છે, લુપ્ત થતી ચકલીની પ્રજાતિને બચાવવા સમગ્ર વિશ્વમાં ૨૦ માર્ચને વિશ્વ ચકલી દિવસ જાહેર કરવામાં આવ્યો છે, આ દિવસે વિશ્વભરમાં આ ઘર આંગણાના પક્ષી એટલે કે નાની એવી ચકલીને બચાવવા માટે અનેકવિધ કાર્યક્રમ યોજવામાં આવે છે, જામનગરમાં પણ છેલ્લા નવ વર્ષોથી સિનિયર મહિલા કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ અને શહેરની સ્વૈચ્છિક અને પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ દ્વારા લોકોને વિનામૂલ્ય ચકલીના માળા અને પક્ષીને પીવાના પાણીના બાઉલનું વિતરણ કરવામાં આવે છે

વોર્ડ નંબર ૨ના ભારતીય જનતા પાર્ટીના સિનિયર મહિલા કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ દ્વારા તેઓ જ્યારથી કોર્પોરેટર બન્યા ત્યારથી તેઓને મળતા ભથ્થાની રકમનો ઉપયોગ તેઓ ચકલી બચાવો અભિયાન દ્વારા ચકલીના માળા અને ઉનાળાની કાગજાળ ગરમીમાં પક્ષીને પીવાનું પાણી મળી રહે તે માટે પાણીના બાઉલનું વિનામૂલ્ય વિતરણ કરી તેમાં ખર્ચ કરે છે, તેઓ આ અભિયાનમાં શહેરની સંસ્થા ભારત તિબબટ સંઘ, લાખોટા નેચર કલબ જામનગર, લાયન્સ ક્લબ ઓફ જામનગર વેસ્ટ, નવાનગર નેચર ક્લબ અને જાયન્ટ્સ ગ્રુપ ઓફ જામનગર વેસ્ટ તથા જામનગર ફોટોગ્રાફર એસોસિએશનને સહયોગમાં જોડાય ને આ અભિયાનને વધુ વેગવંતુ બનાવે છે.

વિશ્વ ચકલી દિવસે પ્રતિવર્ષ શહેરના અલગ અલગ વિસ્તારોમાં યોજવામાં આવતા ચકલી બચાવો અભિયાન કાર્યક્રમમાં આ વર્ષે શહેરના હવાઈ ચોક, લાલ બંગલા, પંચેશ્વર ટાવર તેમજ ડીકેવી સર્કલ પાસે અલગ અલગ સમયે યોજાયેલા ચકલીના માળા અને પક્ષીને પીવા માટે પાણીના બાઉલ વિતરણમાં શહેરના પક્ષીપ્રેમી તેમજ જીવદયાપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, લાંબી કતારોમાં ઊભા રહી લોકોએ માળા-બાઉલ મેળવ્યા હતા. જેમાં ચકલીના માળા અને બાઉલ મળી કુલ ૯૦૦૦ નું વિતરણ વિનામૂલ્ય કરવામાં આવ્યું હતું. જામનગરના અલગ અલગ વિસ્તારોમાં ચકલી બચાવો અભિયાનમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા, સાંસદ પૂનમબેન માડમના પ્રતિનિધિ, મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, દંડક કેતનભાઈ નાખવા, શહેર ભાજપ અધ્યક્ષ ડોક્ટર વિમલભાઈ કગથરા, મહામંત્રી પ્રકાશભાઈ બાંભણિયા, પૂર્વ મેયર અમીબેન પરીખ બીનાબેન કોઠારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ મનીષભાઈ કનખરા, પૂર્વ શહેર ભાજપ અધ્યક્ષ હિતેનભાઈ ભટ્ટ, મુકેશભાઈ દાસાણી અને અશોકભાઈ નંદા, કોર્પોરેટર ભાઈ-બહેનો સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ કિરીટભાઈ મહેતા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

ચકલી બચાવો અભિયાનમાં સહયોગી સંસ્થાના ભારત તિબબટ સંઘમાંથી મહિલા પાંખના અધ્યક્ષ પાયલબેન શર્મા, રીટાબેન ઝિંઝુવાડીયા, ધારાબેન પુરોહિત તેમજ લાખોટા નેચરલ ક્લબના જગતભાઈ રાવલ, સુરજભાઈ જોશી અને લાયન્સ ક્લબ ઓફ જામનગર વેસ્ટના વિમળશા ઉદાણી, પંકજભાઈ ઠાકર જામનગર ફોટોગ્રાફર એસોસિયેશનના દીપકભાઈ લાખાણી, હારીતભાઈ જોશી, જાયન્ટ્સ ગ્રુપ ઓફ જામનગર વેસ્ટના હરીશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ પાઠક, થોમસનભાઈ અને નવાનગર નેચર ક્લબના વિજયસિંહ જાડેજાએ સંપૂર્ણ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સોલીડારીડાડ સંસ્થા દ્વારા જામનગર માં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા બાબતે તાલીમ યોજાયો







જામનગર : સોલીડારિડાડ સંસ્થા દ્વારા અમલિકૃત અને નાયરા એનર્જી કંપનીના સામાજીક વિકાસની જવાબદારીઓ અંતર્ગત ચાલતા ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ખંભાળિયા અને લાલપુર તાલુકાના ૨૭ જેટલા ગામોમાં ખેડૂત અને ખેતીના વિકાસ માટે ચાલતા ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ખેતીને પુનર્જીવિત કરવા ચાલતા કાર્યક્રમોમાં ખાસ કરીને મહિલા ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવા ના ઉદ્દેશ્ય સાથે મહિલાઓ માટે ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા બાબતે જાગૃત કરવા સોલીડારીડાડ ટીમ ના અધિકારીઓને તાલીમ આપવામાં આવી.

જામનગર જીલ્લાના લાલપુર અને ખંભાળિયા તાલુકાના ૨૭ જેટલા ગામોમાં કાર્યરત સોલિડારીડાડ સંસ્થા દ્વારા પોતાના કાર્યક્ષેત્રના ગામોમાં ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત રીજનએગ્રીના ઉદ્દેશ્યથી કાર્ય કરવામાં આવી રહ્યા છે જે કાર્યક્રમ અંતર્ગત આજે ખેડૂતો અને ખેડૂત પરિવારોને સક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે મહિલા ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા મહિલા મંડળો સાથે વિવિધ વિષયોની તાલીમ પ્રેરણા પ્રવાસ આજીવિકા માં વૃદ્ધિ કૌસલ્ય વર્ધન અને આર્થિક સાક્ષરતા અને ડિજિટલ લિટરસી બાબતે કાર્યો કરવાના ભાગ રૂપે સોલીડારીડાડ સંસ્થાના કાર્યકરોને મહિલાઓ માટે ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા બાબતે તાલીમ આપવાના હેતુથી ટીમની ક્ષમતા વધારવા તાલીમનું આયોજન કરેલ. જે તાલીમમાં જામનગર દેવભૂમિ દ્વારકા બનાસકાંઠા પાટણ મહેસાણા અને સાબરકાંઠા જીલ્લા ના ૨૪ જેટલા લોકોએ ભાગ લીધો હતો

આ તાલીમ માં નોયડા સ્થિત સમાવિત વિકાસ પ્રા. લી કંપનીના રિસોર્સ પર્સન સચિન કુમાર અને અતુલ કશ્યપ દ્વારા તાલીમ આપવામાં આવેલ જે તાલીમમાં પોતાના કાર્યક્ષેત્રની મહિલાઓને ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા બાબતે વિવિધ પ્રકારની તાલીમો આપવામાં વિવિધ મુદ્દાઓ પર બે દિવસની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ માં સોલિડારીડાડ દિલ્હી ઓફીસથી અર્જુન ફિલિપ્સ મેનેજર જેન્ડર અને શ્વેતા મેડમ એ હાજરી આપી હતી. જ્યારે નાયરા એનર્જી કંપનીના સામાજીક વિકાસની જવાબદાર ટીમના નીતીશ ઘડાજે સિનિયર મેનેજર અને પદમ જૈન એડવાઈઝરએ હાજરી આપી તાલીમમાં સહભાગી બન્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યક્રમનું સંચાલન અને સંકલન રાજકુમાર સાહુ આસિસ્ટન પ્રો. મેનેજર દ્વારા કરવામાં આવેલ જેમાં સંસ્થાના સિનિયર મેનેજર સંજીવ રાઠોડ પ્રોજેક્ટ મેનેજર કુમાર રાઘવેન્દ્ર અને નાયરા કંપનીના સામાજીક વિકાસના દાયતત્વની ટીમના મેનેજર અવિનાશ રાવલ તેમજ મુખ્ય અધિકારી વિકાસ સાહેબ અને નાયરા સી.એસ.આર ટીમનું માર્ગદર્શન ખુબજ ઉપયોગી રહ્યુ તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ગીતા વિદ્યાલય ખાતે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ

જામનગર : જામનગરના વનિતાબેન વિશ્વનાથ ચેરીટેબલના પ્રમુખ નટુભાઈ ત્રિવેદીની યાદી જણાવે છે કે, તા. ૦૪-૦૪-૨૦૨૪, ગુરૂવારના સવારે ૯-૦૦ થી ૧૨—૦૦ વાગ્યા સુધી વિનમૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન ગીતા વિદ્યાલય, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, કે. વી. રોડ, જામનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં ડો. હીરાબેન જોષી દ્વારા સર્વરોગ નિદાન અને સારવાર તથા દવા આપવામાં આવશે. ડો. જયસુખ મકવાણા (ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ—રાજકોટ)ની ટીમ) દાંતની તપાસ કરી હલતા, સડેલા, કાળા—પીળા દાંત જલંધર પધ્ધતિથી દુઃખાવા વગર કાઢી આપશે. દાંતના ચોકઠા રાહતભાવે બનાવી આપવામાં આવશે. આંખના મોતિયાના દર્દીઓને દાકતર તપાસ રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે રાજકોટમાં નેત્રમણિ બેસાડી પરત જામનગર લઈ આવવામાં આવશે. તદ્ઉપરાંત નાડીવૈદ્ય અજિતકુમાર દર્દીઓની નાડી તપાસી દુઃખાવાની સારવાર આપશે. આ કેમ્પનો જરૂરિયાતમંદોએ લાભ લેવો. વધુ માહિતી માટે નટુભાઈ વિશ્વનાથભાઈ ત્રિવેદી (મોબાઈલ નંબર ૯૯૯૮૦ ૯૫૧૨૧૦)નો સંપર્ક કરવો.

# જામનગરમાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન

જામનગર : જામનગરના ડો. ઈન્દુ મધુ મેડિકલ સેન્ટર દ્વારા આગામી તા. ૭-૪-૨૪ ના ચાંદી બજાર પાસે સંસ્થાના મેડિકલ સેન્ટરમાં સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી નિઃશુલ્ક મેડિકલ કેમ્પનુ આર્યોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. કૃતિબેન પટેલ, ડો. નયન્ કુમ, ડો. શીવમ સચદેવ, ડૉ. જીગીશાબેન બુચ સેવા આપશે. કેમ્પમાં લાભ લેવા સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૭ ૨૧, ધીમ મો.નં.૯૮૯૮૫ ૯૬૬૯, ૯૯૦૪૩ ૨૨૭૨૪ તેમજ ફોન નં. ૨૬૬૩૫૮૫ ઉપર નોંધણી ફરજીયાત કરાવવાની રહેશે.

# માર્ચમાં ૧.૭૮ કરોડનું GST કલેક્શન વાર્ષિક ધોરણે આંકડો ૧૧.૫ ટકા વધ્યો



મુંબઈ,

માર્ચ મહિનામાં જીએસટી કલેક્શનમાં ૧૧ ટકાથી વધુનો વધારો થયો છે. નાણા મંત્રાલયે કહ્યું છે કે માર્ચમાં વાર્ષિક ધોરણે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કલેક્શન ૧૧.૫ ટકા વધીને રૂ. ૧.૭૮ લાખ કરોડ થયું છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ અત્યાર સુધીનો બીજો સૌથી મોટો જીએસટી કલેક્શન છે.

નાણાકીય વર્ષ એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ માટે ગ્રોસ જીએસટી કલેક્શન ૨૦.૧૪ લાખ કરોડ રૂપિયા રહ્યું, જે પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં ૧૧.૭ ટકા વધારે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સરેરાશ માસિક ગ્રોસ કલેક્શન ૧.૬૮ લાખ કરોડ હતું, જે અગાઉના નાણાકીય વર્ષમાં ૧.૫ લાખ કરોડ હતું. માર્ચ ૨૦૨૪ માટે ગ્રોસ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ જીએસટી આવક વાર્ષિક ધોરણે ૧૧.૫ ટકા વધીને રૂ. ૧.૭૮ લાખ કરોડ પર પહોંચી છે. જીએસટી કલેક્શનનો આ અત્યાર સુધીનો બીજો સૌથી વધુ આંકડો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, કુલ જીએસટી સંગ્રહમાં આ વધારો સ્થાનિક વ્યવહારોમાંથી જીએસટી સંગ્રહમાં ૧૭.૬ ટકાના નોંધપાત્ર વધારાને કારણે થયો છે. એપ્રિલ ૨૦૨૩માં સૌથી વધુ ૧.૮૭ લાખ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન થયું હતું. એપ્રિલ ૨૦૨૩માં અત્યાર સુધીનું સૌથી વધુ ૧.૮૭ લાખ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન નોંધાયું હતું. માર્ચ ૨૦૨૪ માટે રિફંડની જીએસટી આવક ચોખ્ખી રૂ. ૧.૬૫ લાખ કરોડ હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળા કરતાં ૧૮.૪ ટકા વધુ છે.

# પાકિસ્તાનમાં વધતા આતંકી હુમલાઓથી ચીની કંપનીઓ પરેશાન, શ્રમિકો પરત ફરવા તત્પર





ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં ચીની શ્રમિકો પર થયેલા ઘાતક હુમલાઓએ તેમનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે. કેટલાક લોકો સુરક્ષાની ચિંતાઓને કારણે દેશ છોડવાનું વિચારી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ૬૦ બિલિયન યુએસ ડોલરના ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરના નેજા હેઠળ ચાલી રહેલા પ્રોજેક્ટ્સમાં હજારો ચીની શ્રમિકો પાકિસ્તાનમાં કામ કરી રહ્યા છે.

તાજેતરમાં પાકિસ્તાનમાં ચીની શ્રમિકો પર થયેલા ઘાતક હુમલાઓએ તેમનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે. હવે આમાંના કેટલાક શ્રમિકો સુરક્ષાના કારણોસર દેશ છોડવાની યોજના બનાવી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે પાકિસ્તાન પર તાજેતરના હુમલાઓને કારણે ચીની શ્રમિકો ગભરાટમાં છે. પાકિસ્તાનના એક મીડિયા અહેવાલમાં એક લેખ પ્રકાશિત થયો હતો. જેમાં મુહમ્મદ આમિર રાણાએ લખ્યું છે કે મંગળવારે ચીની એન્જિનિયરોના વાહન પર થયેલા આતંકવાદી હુમલામાં પાંચ ચીની નાગરિકોના મોતને પગલે ચીનની કંપનીઓએ ઓછામાં ઓછા ત્રણ મહત્વના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ, દાસુ ડેમ, દિયામેર-બાશા પર કામ બંધ કરી દીધું છે. ડેમ અને તરબેલા એક્સટેન્શન આપ્યું છે. તેમણે તેમાં લખ્યું છે કે આ હુમલાથી દેશમાં ઘણી ચિંતા ફેલાઈ ગઈ છે. આ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ખલેલ પહોંચાડવા ઉપરાંત આ હુમલાએ પાકિસ્તાનમાં કામ કરતા ચીની નાગરિકોના વિશ્વાસને પણ હચમચાવી નાખ્યો છે.

# સદાનંદ વસંત દાતે બન્યા એનઆઈએના નવા વડા

નવીદિલ્હી,

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એટલે કે એનઆઈએને નવો ચીફ મળ્યો છે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સદાનંદ વસંત દાતે એનઆઈએના નવા ચીફ તરીકેનો ચાર્જ સંભાળી લીધો છે. સદાનંદે રવિવારે નિવૃત્ત થયેલા દિનકર ગુપ્તાની જગ્યા લીધી છે. એનઆઈએ ચીફ બનતા પહેલા ડેટે મહારાષ્ટ્રમાં એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ના વડા તરીકે ફરજ બજાવતા હતા. તમને જણાવી દઈએ કે મુંબઈમાં ૨૬/૧૧ના હુમલા દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં ડેટાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

એનઆઈએ ચીફ બનતા પહેલા સદાનંદ વસંત મહારાષ્ટ્ર એટીએસના ચીફ હતા. તેઓ ભારતીય પોલીસ સેવાના ૧૯૯૦ બેચના મહારાષ્ટ્ર કેડરના અધિકારી છે. એનઆઈએ દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર, તારીખ મહારાષ્ટ્રમાં ઘણી મહત્વની પોસ્ટ પર કામ કરી ચૂકી છે. તેમાં મીરા-ભાઈંદર વસઈ-વિરારના પોલીસ કમિશનર, જોઈન્ટ કમિશનર (કાયદો અને વ્યવસ્થા) અને જોઈન્ટ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ, મુંબઈ વગેરેનો સમાવેશ થાય છે.

# આરબીઆઈને ૯૦ વર્ષ થતા મોદીએ લોન્ચ કર્યો ૯૦ રૂપિયાનો સિક્કો




વડાપ્રધાને ૯૦ રૂપિયાનો સિક્કો પ્રથમ વખત જાહેર કર્યો છે. આ સિક્કાની ખાસિયત એ છે કે તેને શુદ્ધ ચાંદીથી બનાવવામાં આવ્યો છે. ત્યારે તે સિવાય તેમાં ૪૦ ગ્રામ ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૯૦ રૂપિયાના ચાંદીના સિક્કાની એકબાજુ બેન્કનો લોગો છે અને બીજી તરફ મુલ્યવર્ગ ૯૦ રૂપિયા લખ્યું છે.

# સોરેને હાઈકોર્ટના આદેશ સામેની અરજી પાછી ખેંચી

રાંચી,

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રીએ વિધાનસભામાં બજેટ સત્રમાં હાજરી આપવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે તેમને બજેટ સત્રમાં ભાગ લેવાની મંજૂરી આપી ન હતી, ત્યારબાદ તેમણે કોર્ટના આ નિર્ણયને પડકાર્યો હતો. જોકે, હવે સોરેને સુપ્રીમ કોર્ટમાંથી હાઈકોર્ટને પડકારતી અરજી પાછી ખેંચી લીધી છે.

હેમંત સોરેને હાઈકોર્ટમાં ૨૩ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધીના બજેટ સત્રમાં ભાગ લેવાની પરવાનગી માંગી હતી. ૨૮ ફેબ્રુઆરીએ હાઈકોર્ટે સોરેનની અરજી ફગાવી દીધી હતી. સોમવારે, જ્યારે તેમની અરજી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવી ત્યારે સોરેન વતી વકીલ કપિલ સિબ્બલ કોર્ટમાં હાજર થયા. કપિલ સિબ્બલે કહ્યું કે તેમને (સોરેન)ને તેમની અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવી જોઈએ, કારણ કે બજેટ સત્ર ૨ માર્ચે સમાપ્ત થયું હતું.

સિબ્બલે કહ્યું, "હું તેને પાછું ખેંચવા માંગુ છું. કોર્ટમાં ઉઠાવવામાં આવેલા કાયદાના પ્રશ્નને ખુલ્લો રાખી શકાય છે." સુપ્રીમ કોર્ટે અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે કાયદાનો પ્રશ્ન ખુલ્લો છોડી દેવામાં આવ્યો છે.

# બ્રિટિશ સૈનિકો લાંબા વાળ અને દાઢી રાખી શકશે : ૧૦૦ વર્ષથી લાગેલો પ્રતિબધં હટાવ્યો



લંડન,

બ્રિટિશ આર્મીમાં દાઢી ન રાખવાના નિયમો કેટલા કડક હતા, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ૨૦૧૮માં તેમના લ દરમિયાન પ્રિન્સ હેરીને દાઢી રાખવા માટે ક્વીન એલિઝાબેથ દ્વિતીય પાસેથી પરવાનગી લેવી પડી હતી, કારણ કે તેણે ફંકશનમાં આર્મી યુનિફોર્મ પહેરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બ્રિટિશ આર્મીમાં લાંબા વાળ અને દાઢી પરનો પ્રતિબધં જે ૧૦૦ વર્ષથી વધુ સમયથી હતો તે હવે હટાવી લેવામાં આવ્યો છે.

વરિ સેના અધિકારી પોલ કાર્નેએ ચાર મિનિટના વીડિયોમાં દાઢીના નવા નિયમો વિશે માહિતી આપી હતી. આ મુજબ સમયાંતરે અધિકારીઓ સૈનિકોની દાઢીનું નિરીક્ષણ કરશે. દાઢી પરનો પ્રતિબધં હટાવવાનું એક કારણ બ્રિટિશ આર્મી તરફ યુવાનો વધારવાનું છે. પ્રા અહેવાલ મુજબ બ્રિટનની રોયલ નેવી અને રોયલ એરફોર્સને કેટલીક શરતો સાથે દાઢી રાખવાની પરવાનગી પહેલાથી જ આપવામાં આવી હતી. હવે બ્રિટિશ સશક્ર દળોને પણ આ છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સશક્ર દળો કિંગ ચાર્લ્સની મંજૂરીની રાહ જોઈ રહ્યા છે, જેઓ બ્રિટિશ સૈન્યના કમાન્ડર-ઈન-ચીફ છે. પ્રતિબધં દરમિયાન, ધાર્મિક અને તબીબી આધારો સિવાય કોઈપણ બ્રિટિશ સૈનિકને લાંબા વાળ અથવા દાઢી રાખવાની મંજૂરી નહોતી.

# રોહિત શર્મા આઉટ થતા મારપીટમાં વૃદ્ધની હત્યા

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪માં બુધવારે મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્માના આઉટ થવાને લઈને મહારાષ્ટ્રમાં ભારે વિવાદ થયો હતો. આ વિવાદ એટલો વધી ગયો કે વાત મારપીટ સુધી પહોંચી ગઈ હતી. રોહિત શર્માના ચાહકે એક વ્યક્તિને ઢોર માર્યો જેથી તેણે હોસ્પિટલ લઈ જવું પડ્યું જ્યાં તેનું મોત થયું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

આ ઘટના મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં બની હતી. અહીં ૬૩ વર્ષના ખેડૂત બંદોપંત તિબિલે અને ૫૦ વર્ષના બળવંત ઝાંજગે એક મિત્રના ઘરે સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની આઈપીએલ મેચ જોઈ રહ્યા હતા. મળેલા અહેવાલ મુજબ મેચ દરમિયાન એમઆઈના બેટર રોહિત શર્માની વિકેટ પડતાની સાથે જ ઉજવણીને લઈને તિબિલે અને ઝાંજગે વચ્ચે ઝઘડો થયો હતો. મળેલી માહિતી મુજબ રોહિત શર્માના ચાહક ઝાંજગે વિકેટ પડવા પછી તિબિલે તરફથી કરવામાં આવેલ ટીકાથી નારાજ થઈ ગયા હતા.

# હાલમાં ઈડી લગભગ સાત હજાર કેસોની તપાસ કરી રહી છે : મોદી



નવીદિલ્હી,

કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગના સરકાર પર વિપક્ષના આરોપોનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તીખો જવાબ આપ્યો. વડાપ્રધાને કહ્યું કે કેન્દ્રીય તપાસ એજન્સીઓ સ્વતંત્ર રીતે કામ કરે છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓનો સરકાર દ્વારા દુરુપયોગ કરવામાં આવી રહ્યો હોવાના વિપક્ષના આક્ષેપોને પણ તેમણે ફગાવી દીધા હતા. વડા પ્રધાને એમ પણ કહ્યું હતુ કે મની લોન્ડરિંગને રોકવા માટે દેશમાં પહેલેથી જ એક કાયદો અસ્તિત્વમાં છે, પરંતુ વિપક્ષી સરકારોએ તેનો ઉપયોગ કર્યો નથી.

તમિલનાડુમાં એક મીડિયા ચેનલને આપેલા તેમના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ કહ્યું હતું કે 'અમે તપાસ એજન્સીઓના કામમાં ન તો અવરોધ ઉભો કરીએ છીએ અને ન તો તેમની કાર્યવાહીમાં દખલ કરીએ છીએ. તેઓ નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે તપાસ કરે છે. વડાપ્રધાને કહ્યું કે હાલમાં ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા કેસોમાંથી ૩ ટકાથી ઓછા રાજકારણ સાથે સંબંધિત છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'હાલમાં ઈઢ લગભગ ૭૦૦૦ કેસોની તપાસ કરી રહી છે, જેમાંથી ૩ ટકાથી ઓછા રાજકારણ સાથે જોડાયેલા છે. તેમના (વિપક્ષ સરકારના) ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન ઈડીએ માત્ર ૩૫ લાખ રૂપિયા જપ્ત કર્યા હતા.

# ભાજપમાં જોડાવા ૫ કરોડની ઓફર થયાના આપ નેતાના દાવાથી હડકંપ

ચંડીગઢ,

પંજાબના લુધિયાના દક્ષિણથી આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ એફઆઈઆર નોંધાવી છે. ધારાસભ્ય રજિંદરપાલ કૌર છીનાએ ફરિયાદ કરી છે કે, તેમને પાર્ટી છોડવા માટે ૫ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ પણ આ મામલે ઝીણવટ પૂર્વક તપાસ કરવા માટે પોલીસને અપીલ કરી છે.

એક અહેવાલ પ્રમાણે એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે, છીનાને આમ આદમી પાર્ટી છોડવા માટે ૫ કરોડ રૂપિયા અને ભાજપના મોટા નેતાઓ સાથે દિલ્હીમાં મુલાકાત કરાવવાની વાત કહેવામાં આવી હતી. આ સાથએ જ તેમને સાંસદની ટિકીટ આપવાનો પણ વાયદો કરવામાં આવ્યો હતો. અહેવાલમાં પોલૂસ સૂત્રોના હવાલે કહેવામાં આવ્યું છે કે, છીના દ્વારા ફોન નંબર પણ આપવામાં આવ્યો છે જે ૪૬ કોડન એટલે કે, સ્વીડનનો છે. છીનાએ આરોપ લગાવ્યો છે કે તેમને આ નંબરો પરથી કોલ આવ્યા હતા. તેમણે પોલીસને એ પણ જણાવ્યું કે ફોન કરનારનું નામ સેવક સિંહ છે જે પોતાને ભાજપનો કાર્યકર ગણાવી રહ્યો છે.

# ભારત અને અમેરિકાએ યુદ્ધ કવાયત પૂર્ણ કરી

## ટાઈગર ટ્રાયમ્ફ ૨૦૨૪નો સમાપન સમારોહ USS સમરસેટ પર યોજાયા



નવીદિલ્હી,

ભારત અને યુએસ વચ્ચે દ્વિપક્ષીય ત્રિ-સેવા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) કવાયત પૂર્ણ થઈ છે. ટાઈગર ટ્રાયમ્ફ ૨૦૨૪નો સમાપન સમારોહ ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ USS સમરસેટ પર યોજાયો હતો. આ કવાયત બંને દેશો માટે મજબૂત વ્યૂહાત્મક ભાગીદારીનો એક ભાગ છે. ભારત અને અમેરિકા બંને ચીનને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી આ બંને દેશોની યુદ્ધ કવાયતને આ સંદર્ભમાં જોવી જોઈએ. સમુદ્ર તબક્કો ૨૬ થી ૩૦ માર્ચ દરમિયાન યોજાયો હતો. તેનો આજે અંત આવ્યો છે. અગાઉ હાર્બર તબક્કો વિશાખાપટ્ટનમમાં ૧૮ થી ૨૫ માર્ચ દરમિયાન યોજાયો હતો. આમાં વેચાણ પૂર્વેની ચર્ચાઓ, રમતગમતના કાર્યક્રમો, શિપ બોર્ડિંગ કસરતો અને ક્રોસ ડેક પ્રવાસોનો સમાવેશ થાય છે. આ દરમિયાન બંને નૌકાદળના જવાનોએ ૨૫ માર્ચે સાથે મળીને હોળીનો તહેવાર ઉજવ્યો હતો. સમુદ્ર તબક્કો ૨૬ થી ૩૦ માર્ચ ૨૪ દરમિયાન યોજાયો હતો. આમાં બંને દેશોના એકમોનો સમાવેશ થાય છે જે સમુદ્રમાં મેરીટાઈમ કવાયત કરે છે. આ પછી કાકીનાડા ખાતે સંયુક્ત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને HADR ઓપરેશન્સ માટે મેડિકલ કેમ્પની સ્થાપના કરવા માટે સૈનિકો ઉતર્યા હતા. કાકીનાડા અને વિશાખાપટ્ટનમ નજીક ભારતીય નૌકાદળ અને યુએસ નેવીના જહાજો વચ્ચે UH3H, CH53 અને MH60R હેલિકોપ્ટરનો સમાવેશ કરતી ક્રોસ ડેક હેલિકોપ્ટર કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

ભારતીય નૌકાદળના સહભાગી એકમોમાં લેન્ડિંગ પ્લેટફોર્મ ડોક, તેમના અભિન્ન લેન્ડિંગ ક્રાફ્ટ અને હેલિકોપ્ટર સાથે મોટી લેન્ડિંગ શિપ ટેંક, માર્ગદર્શિત મિસાઈલ ફ્રિગેટ્સ અને લાંબા અંતરના દરિયાઈ રિકોનિસન્સ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે.

# કેજરીવાલે તેમના ગુરુને પણ બદલી નાખ્યા- સુધાંશુ ત્રિવેદી

નવીદિલ્હી,

દિલ્હી દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. ઈડીએ કોર્ટમાં જ્યુડિશિયલ કસ્ટડીની માંગણી કરી હતી. અરવિંદ કેજરીવાલના જેલ જવા પર ભાજપ સહિત અનેક પક્ષોએ ટિપ્પણી કરી છે. ન્યાયિક કસ્ટડીમાં મોકલવા પર ભાજપના સાંસદ અને નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે કોર્ટનો આજનો નિર્ણય નક્કર પુરાવા પર આધારિત છે.

પત્રકાર પરિષદ દરમિયાન સાંસદ સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે જેમણે પીડિત હોવાનો ડોળ કરવાનો પ્રયાસ કર્યો હતો. હું તમને જણાવવા માંગુ છું કે કોર્ટે આજે જે નિર્ણય લીધો છે તે નક્કર પુરાવા પર આધારિત છે. જેના વિશે ન તો અમને, ન તમે, ન અન્ય કોઈને કોઈ માહિતી છે. પુરાવાના આધારે જ ન્યાયિક કસ્ટડી ૧૫ દિવસ માટે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે આ કેટલાક નૈતિક અને બંધારણીય પ્રશ્નો ઉભા કરે છે. અણ્ણા હજારે તેમના હતા. ગુરુએ કહ્યું હતું કે તેઓ રાજકારણમાં નહીં આવે. પરંતુ ચેલા રાજકારણમાં પ્રવેશ્યા અને મુખ્યમંત્રી પણ બન્યા.

# ભાજપ સ્થાપના દિવસ પર દેશમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાશે




નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટી તેના સ્થાપના દિવસ એટલે કે ૬ એપ્રિલે એક મોટા કાર્યક્રમનું આયોજન કરવા જઈ રહી છે. આ પ્રસંગે ભાજપ દ્વારા દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સાંજે ૫ વાગ્યે પીએમ મોદી ગાઝિયાબાદમાં લગભગ એક કિલોમીટર લાંબો રોડ શો કરશે. પીએમ મોદીનો આ રોડ શો કાલકાગઢી ચોકથી ઘંટાઘર સુધી થશે. લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુપીમાં તોફાની પ્રવાસ કરવા જઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, પીએમ મોદી આ મહિને યુપીના અલગ-અલગ જિલ્લામાં ઘણી જનસભાઓને સંબોધિત કરશે. આ સંબંધમાં પીએમ મોદી ૬ એપ્રિલે ગાઝિયાબાદ પહોંચશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૬ એપ્રિલની સાંજે જ ગાઝિયાબાદમાં રોડ શો કરશે. આ પછી પીએમ મોદી લોકસભા ચૂંટણી માટે દેશભરમાં રેલીઓ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ એપ્રિલે જમુઈમાં રેલી કરીને બિહારમાં ચૂંટણીનું બ્યુગલ વગાડશે.

# જો હું જીતીશ તો રાશન કાર્ડ પર સસ્તો બ્રાન્ડેડ દારૂ પણ મળશે:અપક્ષ ઉમેદવાર

મુંબઈ,

લોકસભા ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો બાકી છે. દરમિયાન ચૂંટણી મેદાનમાં ઉતરેલા ઉમેદવાર જીત નક્કી કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. મતદાતાને લોભામણા વચન આપવામાં આવી રહ્યા છે. આવુ જ એક વચન મહારાષ્ટ્રના એક અપક્ષ ઉમેદવારે આપ્યુ છે, જે ચર્ચામાં છે. મહારાષ્ટ્રના ચંદ્રપુરના ચિમૂર ગામથી અપક્ષ ઉમેદવાર વનિતા રાઉતે કહ્યુ છે કે જો તે લોકસભાની આગામી ચૂંટણી જીતશે તો તે ગરીબ લોકોને સસ્તી વ્હિસ્કી અને બીયર આપશે.

વનિતા રાઉતે ગરીબ મતદાતાઓને લોભાવવા માટે અજીબોગરીબ વચન આપતા કહ્યું છે કે તે દરેક ગામમાં બીયરબાર ખોલશે અને સાંસદ નિધિ ફંડથી સસ્તી વ્હિસ્કી અને બીયર પણ વોટર્સને પૂરા પાડશે. તેણે કહ્યું, જ્યાં ગામ, ત્યાં બીયર બાર. આ મારા મુદ્દા છે. તેણે રાશનિંગ સિસ્ટમથી દારૂ આયાત કરવાના વચન પર કહ્યું કે આ માટે દારૂ પીનારા અને દારૂ વેચનારા બંનેની પાસે લાયસન્સ જરૂરી છે.

# નરેન્દ્ર મોદી હોમવર્ક કરીને આવતા નથી કોંગ્રેસનો કાચથીવુ ટાપુ મુદ્દે વળતો જવાબ



નવીદિલ્હી,

કોંગ્રેસે કાચાથીવુ ટાપુ મુદ્દે ભાજપ અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. કોંગ્રેસ પ્રવક્તા પવન ખેડાએ સોમવારે કહ્યું કે પીએમ મોદી હોમવર્ક કર્યા પછી આવતા નથી. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૫માં મોદી સરકારે કાચાથીવુ ટાપુના મુદ્દે આરટીઆઈનો જવાબ આપ્યો હતો કે ન તો તેણે શ્રીલંકાને કોઈ જમીન આપી અને ન તો કોઈ જમીન લીધી. શું પીએમ મોદી નથી જાણતા કે આ ટાપુ પર ૨૦૧૪ સુધી માછીમારીનો અધિકાર હતો? ૨૦૧૪ પછી માછીમારીનો અધિકાર કેમ જતો રહ્યો? પીએમ મોદી અને ભાજપે આનો જવાબ આપવો જોઈએ. પવન ખેડાએ કહ્યું કે આવી હલકી વાતો કરવી વડાપ્રધાનને શોભતી નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ટ્વીટ અને વિદેશ પ્રધાન એસ જયશંકરની કચથીવુ ટાપુના મુદ્દે પ્રેસ કોન્ફરન્સ પર કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે આ ભાજપની ધ્યાન ભટકાવવાની રણનીતિ છે. દરમિયાન રાજ્યસભા સાંસદ પી ચિદમ્બરમે કહ્યું કે આ વાહિયાત આરોપ છે.

# કાલાવડ અને જોડીયામાં રૂપાલાના વિરોધમાં બ્યુગલ ફૂંકાયું

## મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજ એકત્ર થઈ રૂપાલાની ટિકિટ રદ કરવા મામલતદારને પાઠવ્યું આવેદન





જામનગર : બેબાક બોલ બોલવા માટે જાણીતા અને હાલ રાજકોટ ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાની જીભ એક કાર્યક્રમમાં એવી તો લપસી કે તેમના નિવેદને ગુજરાત ભાજપની ઊંઘ હરામ કરી દીધી છે, ત્યારે અત્યાર સુધી શહેર જીલ્લા સુધી રૂપાલાના વિરોધ બાદ હવે નાના નાના ગામોથી માંડીને અને તાલુકા મથક સુધી પણ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ મેદાને આવ્યો છે અને ના બોલવાનું બોલનાર રૂપાલાની ટીકીટ કાપવાની માંગ મક્કમ કરી દેવામાં આવતા ભાજપનું ટેન્શન વધી રહ્યું છે.

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં ખુબ મોટી કહી શકાય તેવી સંખ્યામાં ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ નહીં કરે તો વિરોધ પ્રદર્શનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે, વધુમાં રૂપાલાની ઉમેદવારી રદ નહીં કરે તો ભાજપ વિરોધી મતદાન કરી વિરોધ પ્રદર્શન કરવા સુધીની પણ કાલાવડ ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવાઓએ તૈયારી બતાવી છે અને જો ઉમેદવાર બદલવામાં નહિ આવે તો આગામી દિવસોમાં રાજકોટ ખાતે રાજપૂત સમાજનું મોટું સંમેલન યોજાશે આજે કાલાવડમાં આ આવેદનપત્ર આપતા સમયે બહોળી સંખ્યામા કેટલાય ગામોના સરપંચો સહિત ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ ભાજપ સમર્થક આગેવાનો પણ જોડાયા હતા, તો આ તરફ જોડિયા તાલુકા ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા પણ મામલતદારને આવેદનપત્ર પાઠવી રૂપાલાની ઉમેદવારી રદ કરવા માંગ કરવામાં આવી કારણ કે રૂપાલાએ આપેલ વિવાદિત નિવેદનથી સમાજના આત્મસન્માનને ઠેસ પહોંચી જો તેમની ઉમેદવારી રદ ના કરવામાં આવે તો જોડિયા તાલુકા ક્ષત્રિય સમાજ ઉગ્ર આંદોલનના મંડાણ કરશે તેવી ચીમકી પણ આ આવેદનપત્રમાં ઉચ્ચારવામાં આવી છે.

# ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે રહેણાંક મકાનમાં જુગાર રમતા પાંચ શકુનિ ઝડપાયા



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે એક રહેણાંક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જયાં જુગાર રમી રહેલાં પાંચ શખ્સોની ધરપકડ કરી તેઓ પાસેથી રોકડ સહિતની મત્તા કબ્જે કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં હાલ ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક પોલીસ મથકના ઈન્ચાર્જ બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે આવેલી સરકારી સ્કૂલ પાસે રહેતા સુરેશ ધનાભાઈ ડગરા નામના ૪૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી અને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે આરોપી સુરેશ ડગરા સાથે તેજા પાલા ડગરા, માલસી ખેતા ઢચા, વિજય આલા માતંગ અને પુના ભુરા રાઠોડ નામના પાંચ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૪૮,૮૦૦ રોકડા તથા રૂપિયા ૬,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૫૪,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા, હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરમાં યુવાનને કામ ધંધો નહીં મળતા ગળાફાંસા ખાઈ જિંદગીનો અંત આણ્યો

જામનગર : જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા એક યુવાનને કોઈ કામધંધો મળતો ન હોવાથી બેકારીના કારણે જિંદગીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

જામનગરના નવાગામ ઘેડ ઈન્દિરા સોસાયટીમાં રહેતો કેતન ઈશ્વરભાઈ મકવાણા નામનો ૨૪ વર્ષનો મોચી જ્ઞાતિનો યુવાન, કે જેને છેલ્લા કેટલાક સમયથી સરખું કામ મળતું ન હોવાથી, તેની સતત ચિંતામાં રહેતો હતો, અને પોતાની બેકારીના કારણે તેણે ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમા ચાદર બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પિતા ઈશ્વરલાલ ડાયાલાલ મકવાણાએ પોલીસને જાણ કરતાં સિટી બી. ડિવિઝન પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને સમગ્ર બનાવ મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# જામજોધપુરના બાવરીદડ ગામે વાડીમાં ચાલતું જુગારધામ ઝડપાયું

## એક મહિલા સહિત ૮ પત્તા પ્રેમીઓની અટકાયત કરી રૂ. ૧૨.૭૦ લાખનો મુદ્દા માલ કબજે કર્યો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના બાવરીદડ ગામમાં એક વાડીમાં જુગારધામ ચાલી રહ્યું હોવાની બાતમીના આધારે ગઈરાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલી એક મહિલા સહિતના આઠ પત્તા પ્રેમીઓને ઝડપી લીધા હતા, અને તેઓ પાસેથી રોકડ સહિત કુલ ૧૨.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ દરોડાની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના બાવરીદડ ગામની સીમમાં આવેલી રાણાભાઈ ગાગિયાની ભાગીદારીની વાડીમાં જુગારધામ ચાલી રહયું છે, અને જામનગર શહેર જિલ્લામાંથી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડ પંથકમાંથી સ્ત્રી પુરુષ સહિતના પતા પ્રેમીઓ એકત્ર થઈને જુગાર રમી રહ્યા છે. જે અંગેની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ ગઈકાલે રાતે દરોડો પાડયો હતો, જયાં જુગાર રમી રહેલ બાવરીદડ ગામના સંજય કિશોરભાઈ સીતાપરા, જામ કલ્યાણપુરના જયેશ ભાયાભાઈ બેલા, ખંભાળિયાના નથુભાઈ નારણભાઈ કાંબરીયા, કલ્યાણપુર પંથકના ભાવેશ જયંતીભાઈ જોશી, જામનગર તાલુકાના કનસુમરા ગામના મૂર્તજા કાસમ ભાઈ ખીરા, ભાણવડના વેપારી વિમલ વલ્લભભાઈ પાડલીયા, જામનગરના ગોકુલ નગરમાં રહેતા અરસીભાઈ સામતભાઈ નંદાણીયા તેમજ જામનગરમાં અંધાશ્રમ ફાટક પાસેના આવાસમાં રહેતી ક્રિષ્નાબેન પોપટભાઈ પરમાર નામના ૮ શખ્સોને ઝડપી લીધા હતા. અને તેઓ પાસેથી રૂપિયા ૨ લાખ ૨૦ હજારની રોકડ રકમ, ૭ નંગ મોબાઈલ ફોન, બે નંગ કાર સહિત રૂપિયા ૧૨ લાખ ૬૦ હજારની માલમતા કબજે કર્યો છે.

# જામનગરના પ્રતિબંધિત એરફોર્સ વિસ્તારમા બંધ મકાનમાંથી રૂ.૧.૩૦ લાખના ઘરેણાંનીની ચોરી

જામનગર : જામનગર એરફોર્સના પ્રતિબંધિત વિસ્તારમાં એક બંધ રહેણાક મકાનમાં કોઈ અજાણ્યા તસ્કરોએ હાથફેરો કરી રૂ.૧.૩૦ લાખની કિંમતના સોના-,ચાંદીના ઘરેણાંની ચોરી કરી લઇ ગયા હતા. જે આ બનાવ અંગે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ ટુકડી તપાસ અર્થે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

જામનગરમાં પ્રતિબંધિત ગણાતા એરફોર્સમા વિસ્તારમાં ફરજ બજાવતા અને ત્યાં જ સ્ટાફ કવાટરમાં રહેતા એરફોર્સના અધિકારી અભયપ્રતાપસિંહ રવીન્દ્રનથસિંહના બંધ રહેણાક મકાનમાં કોઈ તસ્કરો ઘુસ્યા હતા. અને મકાનમાંથી રૂ.૧ લાખ ૩૦ હજારની કિંમતના સોના-ચાંદીના ઘરેણાની ચોરી કરી લઈ ગયા હતા.

દરમ્યાન મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા એરફોર્સના અધિકારી ગત તા.૨૪ ના ઘરને તાળા મારીને રજા ઉપર વતનમા ગયા હતા અને તા.૩૧ ના પરત ફર્યા હતા. ત્યારે તેમને પોતાના ઘરના તાળા તૂટેલા જોવા મળતા તેઓએ તુરત જ પોલીસમા ફરિયાદ નોંધાવતા પો.સબ.ઈન્સ. એચ વી. પીપળીયાએ તપાસ હાથ ધરી છે. એરફોર્સનો વિસ્તાર પ્રતિબંધિત છે. આથી સામાન્ય વ્યક્તિ એરફોર્સ વિસ્તારમાં પ્રવેશ કરી શકતો નથી. ત્યારે આ પ્રતિબંધિત વિસ્તરમાં થયેલી ચોરીના બનાવએ ભારે ચર્ચા જગાવી છે.

# ખંભાળિયાની સોસાયટીમાં લાગ્યા "રૂપાલા હટાવો"ના બેનર : ચૂંટણી બહિષ્કારની ચિમકી




ખંભાળિયા : રાજકોટના એક કાર્યક્રમમાં ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરવામાં આવેલી ટિપ્પણીના ઊઠેલા વિરોધના વંટોળમાં ખંભાળિયાના ક્ષત્રિય સમાજમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.

ખંભાળિયાની વિનાયક સોસાયટી ખાતે રાજપુત સમાજના લોકો દ્વારા પોતાના ઘરોમાં પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ભાજપના કોઈપણ વ્યક્તિએ પ્રચાર માટે આવવું નહીં. જો રૂપાલાની ઉમેદવારી રદ કરવામાં નહીં આવે તો ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તે પ્રકારના બેનરો લગાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં નાગેશ્વર પાર્ક વિસ્તારમાં નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નાગેશ્વર પાર્ક વિસ્તારમાં આજે સવારે એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર જાગી છે. સીટી બી. ડિવિઝન પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃત શિશુનો કબજો સંભાળ્યો છે, અને બાળકને ત્યજી દેનાર માતાની શોધખોળ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં નાગેશ્વર પાર્ક વિસ્તારમાં એક નિર્જન સ્થળે નવજાત શિશુ કપડામાં વીંટળાયેલી અવસ્થામાં પડ્યું હોવાની માહિતી ત્યાંથી પસાર થનાર નાગરીકે પોલીસને આપી હતી. જેથી સિટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃત બાળકનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. કોઈ અજ્ઞાત સ્ત્રી દ્વારા પોતાનો ગર્ભ છુપાવવા માટે આ કૃત્ય આચારવામાં આવ્યું હોવાનું અનુમાન લગાવાયું છે, અને બાળકને મૃત હાલતમાં ત્યજી દેનાર માતાની પોલીસ દ્વારા શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# જામનગરમાં જનેતાએ પુત્રને છરી મારી દેતાં કર્યો આપઘાતનો પ્રયાસ

જામનગર : જામનગર શહેરમાં સગી માતાએ ૧૪ વર્ષના પુત્રને કોઈ કારણોસર પગમાં છરીનો એક ઘા મારતાં ડરી ગયેલા પુત્રએ ઝેરી પ્રવાહી પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જે અંગેના પુત્રએ આક્ષેપો કર્યા છે. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

ચકચાર જનક આ વિચિત્ર બનાવની વિગત એવી છે કે. શહેરના એક વિસ્તારમાં રહેતા પરિવારમાં આજે બપોરના એક વિચિત્ર બનાવ બન્યો છે. જેમાં ઘરમાં કોઈ પણ બાબતે માતાએ તેમના જ ૧૪ વર્ષના પુત્રને મારકુટ કરીને પગના ભાગે છરીનો છરકો મારી દીધો હતો. અને લોહી નિકળવા લાગ્યું હતું. માતાના આ સ્વરૂપને જોઈને ડરી ગયેલા પુત્રએ આજે બપોરે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેમણે માતા ઉપર આક્ષેપો કર્યા હતાં. પરંતુ આ બાબતે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી. આ ઘટનાથી સગા સબંધીઓ પણ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતાં. આ બનાવથી શહેરમાં તેમજ સમાજમાં ચકચાર વ્યાપી ગઈ છે.

# જામનગરમાં બ્રાસની પેઢી સાથે રૂ. ૫૦.૪૫ લાખની છેતરપિંડી

### અન્ય બ્રાસના વેપારીએ માલ ખરીદ્યા પછી પેઢી બંધ કરી ભાગી છુટતા ગુનો નોંધાયો

જામનગર : જામનગરના બ્રાસપાર્ટના એક વેપારી સાથે અન્ય એક વેપારીએ રૂપિયા ૫૦.૪૫ લાખનો બ્રાસનો માલ સામાન ખરીદ્યા પછી પેઢીને તાળું મારી રફુચક્કર થઈ જતાં છેતરપિંડી કાર્યવા અંગેની પોલીસમાં ફરિયાદ ઉઠવા પામી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં બાલમુકુન્દ સોસાયટીમાં રહેતા અને ઉદ્યોગ નગર વિસ્તારમાં બ્રાસપાર્ટનું કારખાનું ધરાવતા સુખદેવસિંહ પ્રવિણસિંહ જાડેજાએ પોતાની સાથે રૂપિયા ૫૦,૪૫,૫૮૩ ની છેતરપીંડી કરવા અંગે જામનગરમાં ગોકુલ દર્શન સોસાયટી શેરી નંબર ૨માં રહેતા ધર્મેશ જમનભાઈ રામોલિયા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી સુખદેવસિંહ જાડેજાની બ્રાસપાર્ટની પેઢીમાંથી આરોપી મંત્રી એન્ટરપ્રાઈઝના માલિક ધર્મેશ જમનભાઈ રામોલિયા કે જાણે જુદા જુદા સમયે બ્રાસપાટનો માલ સામાન ખરીદ્યો હતો, જેનું વજન ૯૯૩૩.૮ કિલો, અને તેની અંદાજે બજાર કિંમત જીએસટી સહિત ૫૦.૪૫ લાખ થવા જાય છે. જે બ્રાસની આઈટમો મેળવી લીધા પછી પૈસા આપવામાં ઠાગાઠૈયા કર્યા હતા, અને આખરે પોતાની પેઢીને તાળું મારીને પૈસા ચૂકવ્યા વિના રફુચક્કર થઈ ગયો હતો. કારખાનેદાર સુખદેવ સિંહ જાડેજા દ્વારા સીટી સી. ડિવિઝન પોલીસમાં આરોપી ધર્મેશ જમનભાઈ રામોલિયા સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર હાપા માર્કેટ યાર્ડમાં જણસોની આવક પુનઃ શરૂ

## ચણા, રાયડો, ધાણા, જીરૂ સહિતની જણસોની આજથી હરાજીની પ્રક્રિયાઓ હાથ ધરાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : રૂપિયા ૧૪૦૦ કરોડ ઉપરાંતનું ટર્ન ઓવર ધરાવતું જામનગરનું હાપા માર્કેટિંગ યાર્ડ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ના અંત સમયે વેપારીઓના હિસાબી કામ માટે ૧૦ દિવસ બંધ રહ્યા બાદ હવે તા.૧ એપ્રિલથી આ યાર્ડમાં નવી આવકો લેવાનું શરૂ થયા બાદ નવા નાણાકીય વર્ષના પ્રથમ સોદાઓ આજે તા.૨થી શરૂ થતાં હાપા યાર્ડ આર્થિક પ્રવૃત્તિઓથી પુનઃ ધમધમતું થઈ જશે.

૧૯૯૦ના દાયકામાં સ્થપાયેલા જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ૯૦ જેટલા વેપારીઓ અને ૧૫૦થી વધુ કમિશન એજન્ટો કાર્યરત છે. આ યાર્ડમાં વર્ષભરમાં હજારો ટન ખાદ્ય જણસોની તેમજ કપાસની આવક થાય છે. જેની હરરાજીની પ્રક્રિયા સતત ચાલુ રહે છે. છેલ્લા બે વર્ષથી તો દર ચોમાસા બાદ મગફળી પાકી જાય તે બાદ તામીલનાડુના વેપારીઓના જુથ જામનગરના હાપાયાર્ડ ખાતે પહોંચીને તેમજ હવે તો ખેતરો સુધી પહોંચીને ઉંચા ભાવે મગફળીની ખરીદી કરતા હોવાથી ખેડુતોનો મોટાભાગનો વર્ગ સરકારની ટેકાના ભાવની મગફળીની ખરીદી ચાલુ થાય તેની રાહ જોતો નથી અને મોટાભાગે તેમાં ભાગ લેતો નથી. તાજેતરમાં ગત

તા. ૨૨થી તા.૩૧ માર્ચ સુધી વેપારીઓની સુવિધા ખાતર માર્કેટિંગ યાર્ડ બંધ રાખવામાં આવ્યું હતું. જે બાદ તા.૧ એપ્રિલથી યાર્ડમાં ધાણા, ચણા, જીરૂ, મગફળી, અજમો તેમજ અનાજ અને કઠોળની આવક શરુ કરાવવામાં આવી હતી. જે મોડી સાંજ સુધી ચાલુ રહી હતી. જણસોની આવક બાદ આજે તા.૨ના રોજ જણસોની હરરાજી શરુ કરવામાં આવી રહી છે. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડના કદની વાત કરીએ તો વર્ષે દહાડે હજારો ટન જણસોની આવકને કારણે યાર્ડનું ટર્ન ઓવર રૂ.૧૪૦૦ કરોડનું છે. તેથી યાર્ડની વાર્ષિક શેષની આવક રૂ.૭ કરોડ મળીને કુલ રૂ.૮ કરોડ જેટલી છે. હાપા માર્કેટિંગ યાર્ડના નવા ડાયરેક્ટરોની કારોબારીની ભાજપા પ્રેરિત પેનલ ચુંટાઈ ગઈ છે. પરંતુ આચારસંહિતાને કારણે હોદ્દેદારોની નિમણૂંક માટેની પ્રથમ કારોબારીની બેઠક બોલાવી શકાઈ નથી. આ બેઠક હવે આચારસંહિતા પુરી થયા બાદના મહિનામાં મળે તેવી શક્યતા છે તેમ યાર્ડના સુત્રો જણાવે છે.